એપ્રિલ ૨૦૧૫

દાદાવાણી

કિંમત ₹ ૧૦

બીજાને કહીએ ને એને દુઃખ થાય એ બધાય આક્રમક કહેવાય.

કોઈને દુઃખી કરીને આપણે મોક્ષે જઈએ એ બને નહીં.

કિંચિત્‌માત્ર દુઃખ ના હો મારાથી, આટલો ભાવ હોવો જોઈએ. એ ભાવ હોવા છતાં અવળું થાય તો તેનો પસ્તાવો કરવો.

તમને જે દુઃખ થાય છે એવું દુઃખ કોઈને ના થાય એવી રીતે રહેવું, એને માનવધર્મ કહેવામાં આવે છે.

તંત્રી : ડિમ્પલ મહેતા
વર્ષ : ૨૦, અંક : ૮
સળંગ અંક : ૨૩૬
એપ્રિલ ૨૦૧૫

સંપર્ક સૂત્ર :
અડાલજ ત્રિમંદિર,
સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email: dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦

Printed & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
Owned by
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.
Published at
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
કુલ ૨૮ પેજ કવર પેજ સાથે

લવાજમ (ગુજરાતી)
૧૫ વર્ષ
ભારત : ૭૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૦૦ પાઉન્ડ
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

દાદાવાણી

કિંચિત્‌માત્ર દુઃખ ન હો, એવો ભાવ...

સંપાદકીય

મનુષ્ય માત્ર સુખ શોધે છે, સુખ મેળવવાના પ્રયત્ન પણ કરે છે. એ ખોટું નથી પણ સુખ મેળવવાના પ્રયત્નોમાં એ પોતે જાણતા-અજાણતા બીજાને દુઃખ પણ આપી બેસતો હોય છે. એ એની દૃષ્ટિમાં આવતું હોતું નથી. એનું મૂળ કારણ સ્વરૂપનું અજ્ઞાન છે.

પરમ પૂજ્ય દાદા ભગવાનની અસીમ કૃપાથી આપણું અજ્ઞાન તો જાય છે પરંતુ ડિસ્ચાર્જ પરિણામ તેમજ ભ્રાંતિથી પૌદ્‌ગલિક સુખની અપેક્ષાએ જાણતા-અજાણતા પોતાના મન-વચન-કાયા થકી બીજાને દુઃખ અપાઈ જતું હોય છે. ક્યારેક ક્યારેક ઉપરાણું પણ લેવાઈ જતું હોય છે. હા, જ્ઞાનજાગૃતિએ પોતે પ્રતિક્રમણ કરી પાછા ફરવાના પુરુષાર્થમાં હોય છે પણ એ પુરુષાર્થેય ક્યારેક ચૂકાઈ જાય છે.

જેમ રસ્તો ઓળંગતી વખતે મનુષ્ય કેટલી જાગૃતિ રાખે છે સેફસાઈડ માટે ? એ જ રીતે આ મોક્ષમાર્ગની સેફસાઈડ માટે એટલી જ જાગૃતિની આવશ્યકતા છે. બીજાઓ જોડેના હિસાબમાંથી ઋણમુક્ત થવા છૂટવાના ઉપાયની જ જરૂર છે. પણ સુખની અપેક્ષાએ બીજાને દુઃખ આપીને પોતે બંધાવાના કારણો ઊભા કરે છે એ હકીકત વિસરાઈ જાય છે. પોતે ખરેખર દુઃખ આપતો નથી પણ ઉદયકર્મના કારણે અને ફાઈલો સાથેના ઋણાનુબંધના હિસાબોને લીધે દુઃખ અપાઈ જાય છે પણ જ્યાં સુધી એના જોખમો ના જાણીએ ત્યાં સુધી મોક્ષમાર્ગમાં એ ભયસ્થાન જ છે. એટલે રોજબરોજના જીવનમાં જાગૃતિની ખૂબ જ આવશ્યકતા રહે છે અને એ જાગૃતિ જળવાઈ રહે તે માટે દાદાશ્રીએ આપણને પ્રાતઃવિધિમાં સોનેરી સૂત્ર આપ્યું કે રોજ સવારે ઊઠીને નક્કી કરો કે 'પ્રાપ્ત મન-વચન-કાયાથી આ જગતના કોઈ પણ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ના હો, ના હો, ના હો.' આ સૂત્ર પાછળ ગૂઢ વિજ્ઞાન છૂપાયેલું છે. એ વિજ્ઞાન આપણને સમજાય, દુઃખ આપવાના જોખમોથી આપણે વાકેફ રહીએ અને કેવા કેવા પ્રકારે દુઃખ અપાઈ જાય છે, એ આ અક્રમ વિજ્ઞાન દ્વારા સમજી ત્યાં જ્ઞાનજાગૃતિ ગોઠવીએ.

આ દુઃખ ન આપવા પાછળનું વિજ્ઞાન આપણને વિશેષતાએ સમજાય તે માટે આ વર્ષે ૨૦૧૫માં આપણે એક નવતર પ્રયોગ કરીએ છીએ, જેમાં એક જ વિષય પર સળંગ ચાર દાદાવાણી, જે દર મહિને એક-એક આવશે. જેથી મહાત્માઓ ચાર સ્ટેપમાં લેવલ-૧ એટલે કે 'મારા મન વચન કાયાથી કોઈ પણ જીવને દુઃખ ના હો' નો ઊંડો અભ્યાસ કરી શકે, જે આ પ્રમાણે છે.

અંક - ૧ જીવનમાં દુઃખ કઈ રીતે દેવાય છે ને દુઃખ ન દેવાનો નિશ્ચય પાકો કરીએ.

અંક - ૨ દુઃખ દેવાથી આવતી જોખમદારીની પારિણામિક દૃષ્ટિ કેળવીએ.

અંક - ૩ દીધેલા દુઃખને પ્રતિક્રમણના સાધને પ્રાયશ્ચિત કરીને, તેના ઉપરાણા ના લઈએ.

અંક - ૪ દુઃખ રહિત જ્ઞાની પુરુષનું જીવનચારિત્ર સમજીને, તેને ધ્યેયરૂપ બનાવીએ.

પ્રાપ્ત મન-વચન-કાયાથી કોઈને પણ દુઃખ ના હો, એ પોતાના નિશ્ચયને જાગૃતિપૂર્વક વળગી રહીએ અને સાચી સમજણથી અનુરૂપ આદર્શ વ્યવહાર કરીને દુઃખમુક્ત કેવી રીતે થઈએ એની વિશેષ સમજણ આપણને આ સંકલનમાં ઉપલબ્ધ થાય છે. જેના આરાધન થકી આપણે સહુ 'મન-વચન-કાયાથી કોઈને દુઃખ ના હો' એ સૂત્રને સાર્થક કરી એકાવતારી મોક્ષનું ધ્યેય સાધી લઈએ એ જ અભ્યર્થના.

જય સચ્ચિદાનંદ.

કિંચિત્‌માત્ર દુઃખ ન હો, એવો ભાવ...

શરૂઆત કરો, ભાવના ભાવવાથી

પ્રશ્નકર્તા : દાદા, આપે જે કહ્યું છે ને કે રોજ સવારે નક્કી કર કે 'પ્રાપ્ત મન-વચન-કાયાથી કોઈને દુઃખ ના હોજો' *પણ* જ્યાં સુધી શરીર છે (અને આ વ્યવહારમાં છીએ) ત્યાં સુધી કોઈ જીવને દુઃખ ના આપીએ એવી રીતે જીવવું બહુ અઘરું છે.

દાદાશ્રી : અઘરું હોય તેથી કરીને એમ ના કહેવાય કે દુઃખ આપીને જ મારે જીવવું છે. તમારે ભાવના તો એવી જ રાખવી જોઈએ કે મારે કોઈને દુઃખ આપવું નથી. આપણે ભાવનાના જ જવાબદાર છીએ, ક્રિયાના જવાબદાર નથી.

તમારે તો ભાવના ભાવવાની છે કે મારાથી કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય. એનો અહંકાર ભગ્ન ના થાય એવું રાખવું જોઈએ. આપણા ભાવમાં નક્કી છે કે કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ના હો. એવું આપણે નક્કી કરેલું હોય તો તેને દુઃખ થાય જ નહીં. એટલે આપણે નક્કી કરવું જોઈએ.

મન-વચન-કાયાએ કરીને હું કોઈને કિંચિત્‌માત્ર દુઃખ નહીં દઉં, એટલો ભાવ કરીને જો ચાલેને, એ ભલે અજ્ઞાન દશા છે, આત્મારૂપ થયો નથી, તો (પણ) એ મોટામાં મોટું નિષ્કામ કર્મ છે.

પ્રશ્નકર્તા : મન-વચન-કાયાથી કોઈને દુઃખ નહીં દઉં, એવો નિશ્ચય કરીએ, એ કાર્ય કરે ?

દાદાશ્રી : હા, એ મોટામાં મોટું નિષ્કાર્મ કર્મ. (ખાલી) એવો ભાવ જ, દુઃખ તો થવાનું જ પાછું. દુઃખ તો થયા વગર રહેવાનું જ નહીં, પણ નિરંતર એવો ભાવ કર્યા કરીએ ને પછી બહાર નીકળે, તો એ મોટું નિષ્કામ કર્મ છે. એવો ભાવ કોણ કરે ? એથી અમે શીખવાડીએ છીએને કે ભઈ, પાંચ વખત બોલીને નીકળજેને બહાર કે 'મન-વચન-કાયાથી કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ના હો.'

ભાવના સાથે કાળજી પણ જરૂરી

પ્રશ્નકર્તા : (રોજ) સવારે આપણે જે ભાવ કરીએ છીએ, મન-વચન-કાયાથી...

દાદાશ્રી : ભાવ એકલો નહીં, કાળજી હઉ રાખવી પડે. કોઈને કિંચિત્‌માત્ર પણ દુઃખ ના થાય એવી કાળજી લેવી જરૂરી છે.

પ્રશ્નકર્તા : હા, એ તો બરાબર ભાવની સાથે કાળજી પણ રાખવાની તો ખરી.

દાદાશ્રી : કોઈને દુઃખ થયું, એ દુઃખનો પડઘો આપણને જ થાય છે ને આપણને દુઃખ થવાનું કારણ જ આટલું છે. પણ એ ભાન નથી, તે બેભાનપણામાં જગત ચાલ્યું છે.

પ્રશ્નકર્તા : કોઈને દુઃખ થયું, એનો પડઘો પડે ?

દાદાશ્રી : એને દુઃખ થયું તો થયું, એ તો એનો હિસાબ છે, પણ એ જે એનું પરિણામ છે તે આપણે ત્યાં જ આવે પાછું.

પ્રશ્નકર્તા : એટલે આપણને દુઃખ થાય ?

દાદાશ્રી : દુઃખ જ થાય, જબરજસ્ત, પેલાના કરતા વધારે. એટલે હિંસા સમજી શક્યા નહીં, તેથી જગતના લોકો હિંસામાં જ છે. અહિંસા તો સમજાય નહીં, પણ હિંસાય સમજ્યા નથી. કોઈ પણ હિંસાને શું જાણે છે કે જીવડાંને મારવા એ હિંસા. કોઈને કિંચિત્‌માત્ર પણ દુઃખ ના થવું જોઈએ. ગાય-ભેંસ જતી હોય, તેનેય દુઃખ ના થવું જોઈએ.

પ્રશ્નકર્તા : જીવમાત્રને માટે આપણે કહીએ છીએ ને ?

દાદાશ્રી : હા, હું તો અઢાર-વીસ વર્ષનો હતો ત્યારે સિનેમા જોવા જતો. તે બૂટ છે તે આ (ચાલીએ ત્યારે) રસ્તા પર ખખડે. તે એ નીચે પેલી નાળ ઘાલેલી. તે કૂતરું ના ભડકે એટલા માટે પહેલેથી જ,

પોળમાં પેસતા જ બૂટ કાઢીને હાથમાં લઈ લેતો હતો. કૂતરું ઝબકીને આમ આમ જુએ એટલે બિચારું ઝબકે, એ એને કેટલું દુઃખ થાય ! આપણને ઝબકારો થાય તો શું થાય ?

પ્રશ્નકર્તા : હા, થાય જ છે ને !

દાદાશ્રી : એટલે બૂટ કાઢીને ઘેર આવતો હતો. કોઈનેય દુઃખ ના થાય, એવી રીતે જીવવું જોઈએ. દુઃખ કેમ કરાય (અપાય) કોઈને ? કોઈને દુઃખ થયું એટલે પોતાને જ થયું. છતાં અજાણથી થઈ ગયેલા હોય, તેની માફી માગ-માગ કરવી. આ બધા દુઃખો પોતાની ઉપર જ આવે છે.

પ્રશ્નકર્તા : આપે પેલી કૂતરાની જે વાત કરી કે 'કૂતરું ભય પામે, એટલા માટે અમે બૂટ કાઢીને જઈએ' તો એવું દરેક વ્યક્તિ જોડે આપણે કેવી રીતે અભયદાન સાચવવું કે જેથી તે આપણાથી ભય ના પામે ?

દાદાશ્રી : આપણે નક્કી હોય તો શી રીતે ભય પામે ? પોતે નક્કી કરે કે કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ન હો મારાથી. તે થોડો ટાઈમ કાંઈ માથાકૂટ થાય, કોઈ વખત. પછી બધા બંધ થઈ જાય. એ થાય જ નહીં. આપણે નક્કી ડિસિઝન (નિર્ણય) લીધા પછી ના થાય. થોડો વખત પૂર્વના પ્રયત્નને લીધે થાય વખતે, પણ તેય આપણે સમજીએ કે આ પૂર્વ પ્રયત્ન છે, આજે મારી ઈચ્છા નથી આવી.

દુઃખ આપી મોક્ષે જઈ શકાય નહીં

પ્રશ્નકર્તા : પ્રાપ્ત મન-વચન-કાયાથી એમાં 'પ્રાપ્ત'નો અર્થ શું છે ?

દાદાશ્રી : પ્રાપ્ત એટલે આપણને જે મળ્યા છે એ, મન-વચન-કાયા. બીજાનું મન, એના કરતા આપણું મન ખરાબ હોય તોય પણ એનાથી 'કોઈને દુઃખ ના હો' એવા આપણે ભાવ કરવાના. કોઈને દુઃખ કરીને આપણે મોક્ષે જઈએ એ બને નહીં. કોઈ પણ જીવને, આપણા દુશ્મનનેય દુઃખ દઈને આપણે મોક્ષે જઈએ એ બને નહીં.

દુઃખ ના દેવાનો અભિપ્રાય

પ્રશ્નકર્તા : દાદા, એક સવાલ પૂછવો છે. આ સવાલ પૂછતા પહેલા જ હું તમારી માફી માગી લઉં છું. આપે જે કીધું છે ને કે 'પ્રાપ્ત મન-વચન-કાયાથી જગતમાં કોઈ પણ જીવને કિંચિત્‌માત્ર પણ દુઃખ ના હો, દુઃખ ના હો, દુઃખ ના હો.' તો તમે આ નેગેટિવ એપ્રોચ (અભિગમ)થી શા માટે ગયા ? 'સુખ હો' એમ પોઝિટિવ એપ્રોચથી કેમ ન ગયા ?

દાદાશ્રી : એવું છે ને, 'સુખ હો' ના બોલાય. 'સુખ હો' બોલાય કેવી રીતે ? એ 'સુખ હો', જો આપણને કાયમનું સુખ હોય તો બોલાય કે 'સુખ હો' કાયમ. આપણે જ મહીં થોડા-થોડા દુઃખિયા હોઈએ, તો 'કોઈને દુઃખ ના હો મારાથી' એટલું પહેલું પાળીએ. પછી કાયમનું સુખ હો એ વસ્તુ તો ટોપ ઉપર ગયા પછી.

પ્રશ્નકર્તા : પણ એવું બોલવાથી કોઈ વાંધો તો નહીંને ?

દાદાશ્રી : ના, બોલવાની જરૂર જ નહીંને ! કોઈને દુઃખ ના હોય મારાથી, એટલે આપણે સુખ આપવાનો વિચાર (ભલે) ના થાય, એ જ દુઃખ ના હોવાનો અર્થ. આખા જગતનું કલ્યાણ થાવ એ બોલાય. આપણુંય કલ્યાણ થાવ અને લોકોનું કલ્યાણ થાવ. અને 'સુખ હો' એવું બોલાય, કોઈ ફેરો બોલાય, પણ પેલું બોલે તો વધારે ફાયદો.

પ્રશ્નકર્તા : 'દુઃખ ના હો' એનાથી ?

દાદાશ્રી : 'દુઃખ ના હો' એની તો વાત જ જુદીને ! આપણી ભાવના શું છે ? 'કોઈને દુઃખ ના હો.' સુખ તો આ સુખ જ નથી. જેને સુખ માને છે ને, એ સુખ જ નથી.

પ્રશ્નકર્તા : પણ દાદા, આપણું તો આત્મસુખ વિચાર કરીને આપણે એ 'સુખ' શબ્દ વાપરીએ છીએ ને ? બીજાને 'સુખ હો' એ આત્મસુખની વાત કરીએ છીએને આપણે તો ?

દાદાશ્રી : ના, એ આત્મસુખની (વાત) પણ એને સમજાય નહીંને ! એને 'દુઃખ ન હો' એમ કહીએને તો સમજાય.

પ્રશ્નકર્તા : એટલે દાદા, એનો મતલબ કે આ શબ્દ લૌકિક માટે છે, અલૌકિક માટે નથી.

દાદાશ્રી : કિંચિત્‌માત્ર દુઃખ ના હો મારાથી, આટલો ભાવ હોવો જોઈએ. એ ભાવ હોવા છતાં અવળું થાય તો તેનો પસ્તાવો કરવો. ભાવ એટલે આપણો આજનો અભિપ્રાય એ થઈ ગયો કે હવે અમારો અભિપ્રાય કોઈને દુઃખ દેવાનો નથી.

સામાની સીટ પર બેસીને તો જુઓ

પ્રશ્નકર્તા : કોઈને દુઃખ (થતું) જ નથી, તો પછી આપણે બીજાને દુઃખ દઈએ તો એને દુઃખ કેવી રીતે થાય ?

દાદાશ્રી : દુઃખ એની માન્યતામાંથી ગયેલું નથીને ! તમે મને ધોલ મારો તો મને દુઃખ નહીં થાય, પણ બીજાને તો એની માન્યતામાં છે, એનાથી દુઃખ છે. એટલ એને મારશો તો દુઃખ થશે જ. એને 'રોંગ બિલીફ' હજી ગઈ નથી. કોઈ આપણને ધોલ મારે તો આપણને દુઃખ થાય છે, એ 'લેવલ'થી જોવું. કો'કને ધોલ મારતી વખતે મનમાં આવવું જોઈએ કે મને ધોલ મારે તો શું થાય ? ધોલો ખાવી ના ગમતી હોય, અને જો ચોપડો બંધ કરવો હોય તો ધોલો આપતી વખતે વિચાર કરવો કે પાછી આવશે ત્યારે એ લેવાશે કે કેમ ?

આપણે કોઈની પાસેથી દસ હજાર રૂપિયા ઉછીના લાવ્યા, પછી આપણા સંજોગ અવળા થયા એટલે મનમાં વિચાર આવે કે 'પૈસા પાછા નહીં આપું તો શું થવાનું છે ?' તે ઘડીએ આપણે ન્યાયથી તપાસ કરવી જોઈએ કે 'મારે ત્યાંથી કોઈ પૈસા લઈ ગયો હોય ને એ મને પાછા ના આપે તો શું થાય મને ?' એવી ન્યાયબુદ્ધિ જોઈએ. એમ થાય તો મને બહુ જ દુઃખ થાય, તેમ સામાને પણ દુઃખ થશે. માટે મારે પૈસા પાછા આપવા જ છે' એવું નક્કી કરવું જોઈએ અને એવું નક્કી કરો તો પાછાં આપી શકાય.

પોતા થકી કોઈને દુઃખ ના હો, એ માનવધર્મ

તમને જે દુઃખ થાય છે એવું દુઃખ કોઈને ના થાય એવી રીતે રહેવું, એને માનવધર્મ કહેવામાં આવે છે. માનવધર્મ એટલે હરેક બાબતમાં એને વિચાર આવે કે મને આમ હોય તો શું થાય ? એ વિચાર પહેલો ના આવે તો એ માનવધર્મમાં છે નહીં. કો'કે મને ગાળ ભાંડી, તે ઘડીએ હું એને ગાળ ભાંડું તે પહેલાં મારા મનમાં એમ થાય કે 'જો મને જ આટલું દુઃખ થાય છે, તો પછી હું ભાંડીશ તો એને કેટલું દુઃખ થશે !' એમ માની તે માંડવાળ કરે તો નિવેડો આવે.

આ તો કંઈ મનુષ્યપણું કહેવાય ? આખો દા'ડો ખઈને ફર્યા અને બે જણને ટૈડકાવીને આવ્યા અને રાતે ઊંઘી ગયા, એને મનુષ્યપણું કહેવાતું હશે ? મનખો લજવાય. મનુષ્યપણું તો સાંજે પાંચ-પચ્ચીસ-સો માણસને ઠંડક આપીને આવ્યા હોય, પાંચ માણસનેયે ઠંડક આપીને આવ્યા હોય, એ મનુષ્યપણું કહેવાય ! આ તો મનખો લજવ્યો. અને ઘરના માણસને તો સહેજેય દુઃખ દેવાય જ નહીં. જેનામાં સમજ ના હોય, તે ઘરનાને દુઃખ દે. આ ક્રોધ કરે, ગાળો ભાંડે, ક્લેશ કરે એ બધું જ રૌદ્રધ્યાન. પારકાને દુઃખ ઊભું કરે એ રૌદ્રધ્યાન.

મનમાં ભાવ બગાડીને દુઃખ આપે

પ્રશ્નકર્તા : દાદા, આ દુઃખ કેવી રીતે અપાય છે, એ જ નથી પકડાતું ?

દાદાશ્રી : પાંચ-સાત દહાડા સુધી મહેમાન ખસે નહીં તો મનમાં ભાવ બગડે કે 'બળ્યું, આ અત્યારે ક્યાં આવ્યા છે ? આ લોકો અહીંથી જાય તો સારું.' એ ભાવ બગડ્યા કહેવાય, એવું ન થવું જોઈએ. વ્યવસ્થિતના આધીન આવ્યા ને વ્યવસ્થિતના આધીન જશે. આપણા હાથમાં છે કશું ?

આપણે ત્યાં ના ગમતો મહેમાન આવ્યો હોય તો આનંદ થાય ? ગમે ?

પ્રશ્નકર્તા : ના ગમે.

દાદાશ્રી : આપણા લોકો સહન કરીને પણ બોલતા નથી, પણ મનમાં ને મનમાં ગાળો ભાંડે કે 'આ નાલાયક અહીં ક્યાં આવ્યો ?' ભગવાને કહ્યું છે કે એના કરતા ચોખ્ખું બોલ્યો હોત તો સારું. આ મન એટલે આવતા ભવનું ચિત્ર ! તે આ લોકો આવતો ભવ બગાડે છે. અહીં મોઢે બોલ્યો હોત તો આ ભવમાં એને પેલો માર માર કરત અગર તો વગોવત, પણ આ ભવમાં હિસાબ ચોખ્ખો થઈ જાત અને મનમાં ઊંધું વિચાર્યું તે તો આવતા ભવનું બધું બગાડ્યું. હવે પેલા ચાર દહાડા રહે તો ત્યાં સુધી મનમાં 'આ ક્યારે જશે, ક્યારે જશે' થયા કરે ને રાતે પોતે ઊંઘે પણ નહીં ને પેલા તો નિરાંતે ઊંઘી ગયા હોય !

ભાવો બગાડી મનને પાતળું ના થવા દેશો

આ સંયોગ છે તે વિયોગી સ્વભાવના છે. એનો સ્વભાવ જ વિયોગી છે. મહેમાન આવે ને જાણીએ કે આ સંયોગ આવ્યો છે, તે એ વિયોગી સ્વભાવનો છે. એનો કાળ આવશે એટલે એની મેળે જતો રહેશે. એને આપણે કાઢવાની જરૂર નથી, મન બગાડવાની જરૂર નથી.

તેથી જ અમે બધાને કહીએ છીએ કે ગમે તેવા સંયોગોમાં ભાવ ના બગાડશો. અણધાર્યો મહેમાન કવેળાએ આવે પણ ભાવ ના બગાડશો. રોટલા ને શાક ખવડાવજો પણ તમારો ભાવ ના બગાડશો. મન પાતળું ના થવા દેશો. આપણાથી કોઈનું મન કચવાવું ના જોઈએ. આપણે બધાને ખુશ કરીને નીકળવું.

બીજાને દુઃખ આપીએ તો પોતાને દુઃખ મળે

આ મન એ આખું જગત છે, એથી જો બીજાને સળી કરીએ તો મનમાં દુઃખ ઊભું થાય અને બીજાને સુખ આપીએ તો સુખ મળે. જગતને સુખ આપીશ તો મનને સુખ થશે. તું બીજાને સુખ આપીને દુઃખ માગે તો એ ના મળે. મન તો દુનિયા છે, જેવું હલાવીશ તેવું મળશે. કવિ કહે છે ને, 'મનમંદિરના આંગણિયામાં કલ્પતરૂવર ઊગિયા રે.' માટે જો તારે સાંસારિક સુખ જોઈતું હોય તો તને જે જે ન ગમતું હોય તે બીજાને ના આપીશ; માત્ર પોતાની પાસે જે સમજણ છે કે મને આ નથી ગમતું, પોતાને જે દુઃખ લાગે તે બીજાને તું ના આપીશ. તું જેને દુઃખ માને છે તે બીજાને ના આપીશ, તો તું સુખી થઈશ. સુખી થવા બીજા શાસ્ત્રો પણ વાંચવાની જરૂર નથી. તું દુઃખ માને છે એની આગળ તો બીજા બહુ દુઃખો છે, પણ તું જેને દુઃખ માને છે એ બીજાને આપે તો તારા જેવો બીજો મૂર્ખ કોણ ? તો તને પછી સુખ મળે શી રીતે ? જાણીને આપવું અને અજાણ્યે આપવું એમાં ફેર નહીં ?

આ વાત તો જેને જ્ઞાન ના મળે તોય તે સમજે. એથી શું થાય કે દુઃખ આવવાનું બંધ થાય અને સુખ આવવાનું ચાલુ થાય. આ તો ધર્મ પોતાની પાસે જ છે. આટલું કરે એટલે સુખી થાય જ. પોતાને જે ઈફેક્ટ (અસર) થાય તે સામાને પણ અવશ્ય થાય જ ને ? તારી પ્રત્યે મારી આંખોમાં તને ભાવ ના લાગે તો તારી આંખમાં એવા ભાવ ના લાવીશ કે જેથી સામાને દુઃખ થાય. જેનાથી આપણને દુઃખ થાય, તેનાથી બીજાને દુઃખ કેમ અપાય ?

શબ્દોથી સર્જાતા દુઃખના અધ્યવસનો

પ્રશ્નકર્તા : દાદા, બીજી કઈ રીતે સામાને દુઃખ દેવાય જાય છે ?

દાદાશ્રી : મનુષ્યને ત્રણ જાતના દુઃખ હોય છે : દેહના દુઃખોને 'કષ્ટ' કહેવાય છે. બીજા, વાણીના દુઃખ, એને 'ઘા' કહેવાય છે; હૃદયમાં પેસી જાય તો પછી જાય નહીં ને ત્રીજા, મનના દુઃખ તે 'દુઃખ' કહેવાય છે. મનનો એટલો વાંધો નથી, વાણીનો વાંધો છે. કારણ કે મન તો ગુપ્ત રીતે ચાલતું હોય, પણ વાણી તો સામાની છાતીએ ઘા વાગે.

આપણો શબ્દ કોઈને બોલીએ અને એને ખરાબ લાગે તો એ શબ્દ અપશબ્દ કહેવાય. તે અમથા અમથાય અપશબ્દ બોલતો હોય તોય જોખમ અને

સારા શબ્દો અમથા અમથા બોલતા હોય તોય હિતકારી છે. પણ ખોટા શબ્દો, અપશબ્દો અમથા અમથા બોલતા હોય તે અહિતકારી. બીજાને કહીએ ને એને દુઃખ થાય એ બધાય અપશબ્દ કહેવાય.

શબ્દો બોલવાના જોખમ તો સમજો

આ કડક શબ્દ કહ્યો, તો એનું ફળ કેટલાય વખત સુધી તમને એના સ્પંદન વાગ્યા કરશે. એક પણ અપશબ્દ આપણા મોઢે ના હોવો જોઈએ. સુશબ્દ હોવો જોઈએ પણ અપશબ્દ ના હોવો જોઈએ. અને અવળો શબ્દ નીકળ્યો એટલે પોતાની મહીં ભાવહિંસા થઈ ગઈ, એ આત્મહિંસા ગણાય છે. હવે આ બધું લોકો ચૂકી જાય છે અને આખો દહાડો કકળાટ જ માંડે છે.

દરેક શબ્દ બોલવો જોખમ ભરેલો છે. માટે જો બોલતા ના આવડે તો મૌન રહેવું સારું. ધર્મમાં બોલો તો ધર્મનું જોખમ ને વ્યવહારમાં બોલો તો વ્યવહારનું જોખમ. વ્યવહારનું જોખમ તો ઊડી જાય, પણ ધર્મનું જોખમ બહુ ભારે. ધર્મની બાબતમાં એનાથી બહુ ભારે અંતરાય પડે !

પાંસરું બોલો, નહીં તો બોલશો જ નહીં

પ્રશ્નકર્તા : મને એવો ડર છે કે આપણે જે શબ્દો દ્વારા એકબીજાને સમજીએ, એમાં ખોટું પણ સમજી શકાય છે.

દાદાશ્રી : સાચા પણ હોયને ! આપણે આ શબ્દથી પેલાને કહીએ કે 'ભઈ, દૂધ આપો.' એવું દૂધવાળાને કહીએ તો ખોટું શું ? શબ્દોથી જ દૂધ મળે ને ? અહીં તો 'કશુંક આપ' કહીએ તો દહીં આપી દે. એની પાસે જે હોય એ જ આપે ને ! એટલે એવું કોણે કહ્યું કે શબ્દો દ્વારા ખોટા હોઈએ ?

પ્રશ્નકર્તા : પણ આ શબ્દોમાંથી બહુ ઝઘડાં થાય છે.

દાદાશ્રી : કર્મના ઉદયથી ઝઘડાં ચાલ્યા કરે, પણ જીભથી અવળું બોલવાનું બંધ કરો. વાત પેટમાં ને પેટમાં જ રાખો, ઘરમાં કે બહાર બોલવાનું બંધ કરો. શબ્દોથી તો જગત ઊભું થયું છે. જ્યારે શબ્દ બંધ થઈ જશે, ત્યારે જગત બંધ થઈ જશે. બધી શબ્દોથી લડાઈઓ થયેલી છે આ દુનિયામાં, જે થયેલી છે તે ! શબ્દો મીઠા જોઈએ અને શબ્દો મીઠા ના હોય તો બોલશો નહીં. અરે, વઢ્યા હોય આપણી જોડે, તેની જોડેય આપણે મીઠું બોલીએ ને, તો બીજે દહાડે એક થઈ જાય પાછા.

એક જ શબ્દ અવળો બોલ્યા તો સામા જોડે લડાઈ ચાલુ થઈ જાય ને તે વખતે કોઈક જો મીઠા શબ્દ બોલી ગયા ને, કે 'ભઈ, આમ છે, તેમ છે' તો લડાઈ બંધ થઈ જાય. માટે પાંસરું બોલો, નહીં તો બોલશો જ નહીં. અને બોલવાનું મટતું ના હોય તો આમ મોં દાબીને બોલજો, એટલે સમજણ ના પડે સામાને.

શબ્દોથી કાળજે વાગ્યા ઘા ના રુઝાય જલ્દી

આપણે સુખમાં બેઠા હોય ને સહેજ કો'ક આવીને કહે, 'તમારામાં અક્કલ નથી.' એટલું બોલે કે થઈ રહ્યું, ખલાસ ! હવે એ કંઈ પથરો માર્યો છે ?

પ્રશ્નકર્તા : નહીં.

દાદાશ્રી : શબ્દો જ છે. પથરો માર્યો હોય તો આપણે સમજીએ કે ભઈને અહીં આગળ વાગ્યું એટલે એને લ્હાય બળે છે, પણ આ તો વગર પથ્થરે વાગ્યું.

પ્રશ્નકર્તા : શબ્દોમાં એટલી બધી અસર હોય છે ?

દાદાશ્રી : તે એની જ અસર છે આ બધી. શબ્દની જ અસર છે. જગતમાં છાતીએ ઘા લાગે, તે સો-સો અવતાર સુધી ના જાય. 'છાતીએ ઘા લાગ્યા છે, તેમ બોલ્યા છો' કહે. અસર જ છે આ ! જગત શબ્દોની અસરથી જ ઊભું થયું છે.

છાતીએ ઘા લાગે એવા શબ્દ બોલેલા ? તમે કોઈ દહાડો, નાનપણમાં એવું બોલેલા કે ? અરે, હું અત્યારે જ્ઞાની થયો, પણ પહેલા કેવો હોઈશ ? અરે,

શબ્દ બોલુંને તો સામો માણસ કહેશે, 'મને આધાશીશી ચઢી તમારા શબ્દથી !' તો એ કેવો શબ્દ ખરાબ હશે ? સામાને આધાશીશી ચઢી જાય, તે ઊતરતા વાર લાગે ! છતાં અમે આ પદમાં આવ્યા છીએ. પૂર્વભવમાં ઘણું કરેલું, તેના ફળરૂપે આ પ્રાપ્ત થયું છે.

કેટલીક બહેનો મને કહે છે, 'મારા ધણીએ મને કહ્યું'તું, તે મારી છાતીએ ઘા લાગ્યો છે. તે મને પચ્ચીસ વર્ષેય ભૂલાતું નથી.' ત્યારે વાણીથી કેવો પથરો માર્યો હશે, તે ઘા પછી રૂઝાતા નથી ! તે ઘા ના મારવા જોઈએ.

બેજવાબદારીવાળા શબ્દો બીજાને ઘા મારે

સામો મોટી ઉંમરનો હોય તોય એને કહેશે, 'તમારામાં અક્કલ નથી.' આમની અક્કલ માપવા નીકળ્યા ! એવું બોલાતું હશે ? પછી ઝઘડા જ થાય ને ! સામાને દુઃખ થાય એવું ના બોલવું જોઈએ કે 'તમારામાં અક્કલ નથી.' સામાન્ય માણસ તો અણસમજણના માર્યો આવું બોલીને જવાબદારી સ્વીકારે. પણ સમજવાળા હોય, એ તો પોતે આવી જવાબદારી લે નહીંને ! પેલો અવળું બોલે પણ પોતે સવળું બોલે. સામો તો અણસમજણથી ગમે તે પૂછે પણ પોતાથી અવળું ના બોલાય. જવાબદાર છે પોતે.

'તમે સમજતા નથી' એવુંય ના બોલાય. આપણે તો એમ કહેવાય કે 'ભઈ, વિચારો તો ખરા ! તમે જરા વિચાર તો કરો.' 'સમજતા જ નથી' કહીએ, તો શું આ બધા ડફોળ જ છે ? આવું બોલે છે કે નથી બોલતા લોકો ?

પ્રશ્નકર્તા : બોલે છે. આ બુદ્ધિવાળા એમ જ બોલે છે કે 'આને સમજ નથી.'

દાદાશ્રી : હા, એવું બોલે. સામાને 'તમે ના સમજો' એવું કહેવું, એ મોટામાં મોટું જ્ઞાનાવરણ કર્મ છે. 'તમે ના સમજો' એવું ના કહેવાય, પણ 'તમને સમજણ પાડીશ' એવું કહેવું જોઈએ. 'તમે ના સમજો' કહે તો, સામાના કાળજે ઘા વાગે.

કરે સામાને દુઃખદાયી ને પોતાને રોગીષ્ટ

આ શબ્દો જે નીકળે છે ને, એ શબ્દોમાં બે જાત, આ દુનિયામાં શબ્દો જે છે એની બે ક્વૉલિટી. સારા શબ્દો શરીરને નિરોગી બનાવે અને ખરાબ શબ્દો શરીરને રોગીષ્ટ કરે. માટે શબ્દ પણ અવળો ના નીકળવો જોઈએ. 'એય નાલાયક' કહે, હવે 'એય' શબ્દ નુકસાનકારક નથી, પણ 'નાલાયક' શબ્દ બહુ નુકસાનકારક છે.

'તારામાં અક્કલ નથી' એમ કહ્યું વાઈફને, એ શબ્દ સામાને દુઃખદાયી છે અને પોતાને રોગ ઊભો કરનાર છે. ત્યારે પેલી કહે, 'તમારામાં ક્યાં બરકત છે !' તો બેઉને રોગ ઊભા થાય. આ તો પેલી બરકત ખોળે છે અને પેલો આમની અક્કલ ખોળે છે ! આની આ દશા બધીય ! સ્ત્રીઓએ પુરુષો જોડે વઢવાડ ના કરવી જોઈએ, કારણ કે (પોતે) બંધનવાળા છે. માટે નિવેડો લાવવો જોઈએ.

કઠોર શબ્દોથી વાગે દિલને ઘા

પ્રશ્નકર્તા : કેટલાંક ઘર એવા હોય છે કે જ્યાં વાણીથી બોલાચાલી થયા કરે, પણ મન અને હૃદય સાફ હોય છે.

દાદાશ્રી : હવે વાણીથી ક્લેશ થતો હોય, પણ સામાને હૃદય ઉપર અસર થાય. બાકી જો ઉપલક રહેતું હોય તો તો વાંધો નથી. એવું છે ને, બોલનાર તો હૃદયથી અને મનથી ચોખ્ખો હોય, એ બોલી શકે. પણ સાંભળનારને તો, એને પથરો વાગે એવું લાગે એટલે ક્લેશ થાય જ. જ્યાં બોલ કંઈ પણ ખરાબ છે ને, વિચિત્ર બોલ છે ને, ત્યાં ક્લેશ થાય.

પ્રશ્નકર્તા : સામાને ઘણી વખત અસર નથી થતી.

દાદાશ્રી : થયેલી (થાય જ) ! એ તો દેખાવ કરે એટલું જ, પણ અંદર બધું અસર કરે. મન તો બહુ સૂક્ષ્મ વસ્તુ છે. વખતે શબ્દ ખરાબ નીકળ્યો, તે સામાને અસર થયા વગર રહે નહીં. શબ્દ હંમેશાં દિલ

પર ઘા કરે. કેટલાંક તો એવા બોલ બોલે છે, તે હાર્ટ હઉ ફેઈલ થઈ જાય. એટલે આ તો જાત જાતના લોક ! બોલ (શબ્દ) બહુ વસમો છે. શબ્દ જો ના હોય ને, તો કામ જ થઈ જાય. આ શબ્દો ના હોત તો મોક્ષ તો સહેજાસહેજ છે. આ કાળમાં વાણીથી જ બંધ છે. માટે કોઈના માટે અક્ષરેય બોલાય નહીં.

આ બોલ એક એવી વસ્તુ છે કે એ જો સચવાઈ ગયો તો બધા જ મહાવ્રત આવી જાય.

વાણીથી દુઃખ દીધાના ફળ કેવા ?

બાકી બોલવામાં કાંઈ બાકી રાખે છે ? જીભાજોડી ગયા અવતારે કરેલી અને જ્યાં ને ત્યાં ગાળો દીધીને, તેની જીભ જતી રહે પછી. પછી શું થાય ? ઓછાં કર્મ હશે તો પાંચ-સાત વર્ષ પછી ફૂટશે પાછી. એવું કશુંય નહીં.

ખોટી વાણી બોલવાથી તો આ જીભ જતી રહેલી ને ! જીભનો જેટલો દુરુપયોગ કરો એટલી જીભ જતી રહે, પાંચ વર્ષ માટે, દસ વર્ષ માટે. દંડ છે એક જાતનો. કોઈને પચ્ચીસ વર્ષ પછીય જીભ ઊઘડી જાય, કોઈને આખી જિંદગીય ના ઊઘડે. એ દંડ છે બધો.

દુઃખદાયી શબ્દો બોલવાનું પરિણામ શું ?

એક શબ્દ કડવો ના બોલાય. કડવા બોલવાથી તો બધા બહુ તોફાન જાગ્યા છે. એક જ શબ્દ 'આંધળાના આંધળા' આ શબ્દે તો આખું મહાભારત ઊભું થયું. બીજું તો કોઈ ખાસ કારણ નહોતું. આ જ મુખ્ય કારણ ! દ્રૌપદીએ આવું કહ્યું હતું ને ? ટકોર મારી હતી ને ? હવે એનું ફળેય દ્રૌપદીને મળ્યું. હંમેશાં એક શબ્દ કડવો બોલેલો ફળ મળ્યા વગર રહે કે ?

પ્રશ્નકર્તા : એક શબ્દ ઉપર જ આ બધું ઘમસાણ થઈ ગયું !

દાદાશ્રી : એક શબ્દ ઉપર જ આ બધું થયેલું છે. એ શબ્દ જો ના નીકળ્યો હોત ને, તો કશું થવાનું નહોતું. માટે શબ્દ બોલવામાં તો બહુ જ કંટ્રોલ (કાબૂ) હોવો જોઈએ. જે શબ્દ લોકોને દુઃખદાયી થાય એવો શબ્દ ના બોલાય. એના માટે રોજે રોજ અભ્યાસ કરવો જોઈએ. એટલે માણસે આ સાચવવું જોઈએ.

વગર કામના ગોદા મારી દુઃખ અપાય ?

કેટલાંક તો છોકરો ભણતો ના હોય, પ્રશ્નોના જવાબ આપતો ના હોય તો માસ્તર એને વઢે ને, 'કંઈ સમજ પડે છે તને ? બોલ ને, બોલ, મૂરખ બોલ !' હવે ત્યાં પરીક્ષામાં પાસ થાય તે માટે માસ્તરનું ટ્યુશન રાખે છે, પણ આમ કરે તો પેલો છોકરો બિચારો બાઘો બની જાય ને આ માસ્તર અકળાયા કરે. તે માસ્તરની શી દશા થાય ? તે આપણા જેવા જોનાર કહે કે એ (છોકરો) બાઘો થઈ ગયો. તું શું કરવા આમ ગાંડા કાઢે છે ? પાંસરો મરને (રહે ને) ! સીધો મરને ! નહીં તો તું તારી બઈના કામમાં નહીં રહું ! એ (છોકરા)ને તારી વાત મહીં પહોંચતી નથી, એટલે બાઘો થઈ ગયો બિચારો. એમાં આ ગાંડા કાઢ કાઢ કરે, ચિઢાય ચિઢાય કરે ને કહે, 'બોલને, બોલ, કંઈ બોલતો નથી, મૂંગો થઈ ગયો છું.' અને આમ કાનપટ્ટી પકડાવે ! ચક્કર, શું કરવા આવું કર્યા કરે છે ? કેટલાંય માસ્તરો આવું કરે છે ! ટ્યુશન રાખે છે ને આવું... ! અને પછી શું કહે કે છોકરો મને માથે પડ્યો છે ! અલ્યા, છોકરો નથી માથે પડ્યો, તું છોકરાને માથે પડ્યો છે ! આપણે ના સમજીએ કે આ છોકરો ડલ (મંદ) છે. એટલે આપણે એને ડલનેસમાં જેટલું પાણી પિવડાવાય એટલું પાવું, બીજું વધારાનું પાણી પાવું નહીં. એને કહીએ કે આ કવિતા ગોખી લાવજે. પછી ના બોલે તો કંઈ નહીં. પણ આ તો મનની કલ્પનાઓ કરે, 'મૂઓ બોલતો જ નથી, મૂંગો છે !' અલ્યા, ન્હોય મૂંગો. તું વાત શું કહેવા માગે છે, એ એને પહોંચતી નથી. એટલે એ કુંઠિત થઈ ગયો છે બિચારો ! એને તું બહુ એ કર કર કરીશ, ગોદા માર માર કરીશ, તો એને શૉક (આંચકો) લાગશે. ઈલેક્ટ્રિકનો શૉક લાગે ને માણસ કેવો થઈ જાય, એવો એ પછી થઈ જાય. આ વગર કામનો ગોદા માર માર કરે !

છોકરાંને તો મારશો જ નહીં. (એનાથી) કોઈ ભૂલચૂક થાયને, તો ધીમે રહીને માથે હાથ ફેરવી અને

સમજણ પાડવાની જરૂર. પ્રેમ આપે ત્યારે છોકરું ડાહ્યું થાય. એક છોડવો ઉછેરવો હોયને, તોય તમે પ્રેમથી ઉછેરો, તો બહુ સારો ઉછરે. પણ એમ ને એમ પાણી રેડો ને, બૂમાબૂમ કરો, તો કશું ના થાય. એક છોડવો ઉછેરવો હોય તો ! તમે કહો કે ઓહોહો ! સરસ થયો છોડવો. તે એને સારું લાગે ! એય સરસ ફૂલાં આપે મોટા મોટા ! તો પછી આ મનુષ્યોને તો કેટલી બધી અસર થતી હશે !

મશ્કરીથી ઊભા થતા દુઃખ મહાજોખમી

પ્રશ્નકર્તા : દાદા, વાણીના ઉપયોગથી અન્ય કઈ રીતે દુઃખ દેવાઈ જાય છે ?

દાદાશ્રી : આ કાળમાં તો મશ્કરીય ના કરાય. એક શબ્દેય ના બોલાય. જાડા હોય તો એને જાડા ના કહેવાય. લાંબા હોય તો એને લાંબા ન કહેવાય. આ લોક તો પ્લાસ્ટિક જેવા (બટકી જાય એવાં) થઈ ગયા છે ! આપણા લોક તો ગમે તેને વગોવે. એકલા મનુષ્યને તો ઠીક, પણ આ ફ્રૂટ્સ (ફળો)ને પણ વગોવે. આ વાયડું છે, કહેશે. આ ગરમ પડશે. અલ્યા, તને વાયડું પડશે, બીજાને નહીં. પણ આમની ભાષા જ વાંકી છે ત્યાં શું ?

બોલથી જ જગત ઊભું થયું છે અને બોલથી જ જગત બંધ થઈ જવાનું છે.

આ સુધરેલા ઘરોમાં, સભ્ય માણસોને ત્યાં અસભ્ય વર્તનના દુઃખ નથી હોતા, અસભ્ય વાણીના દુઃખ હોય છે. આ લોકોને ઘેર કંઈ પથરા માર માર કરતા હશે ? ના, વચનબાણ મારે. હવે આ પથ્થર મારે તો સારો કે વાગ્બાણ મારે તે સારું ?

પ્રશ્નકર્તા : અમે તો આ જ ધંધો મુખ્ય કરેલો.

દાદાશ્રી : પણ હજુ એના પ્રતિક્રમણ કરી શકોને ! આ અમે તો એ જ કરેલુંને ! અને એ તો બહુ ખોટું. મારે તો એ જ ભાંજગડ પડી હતી. પેલી બુદ્ધિ અંતરાઈ રહી હતી, તે શું કરે ? બળવો તો કરે જ ને ! તે વધુ બુદ્ધિ થઈ તેનો આટલો બધો લાભ (!) ને ! તેથી આ મશ્કરીવાળાને વગર લેવાદેવાનું દુઃખ ભોગવવાનું (આવે).

મને મશ્કરીની બહુ ટેવ હતી. મશ્કરી એટલે કેવી કે બહુ નુકસાનકારક નહીં, પણ સામાને મનમાં અસર તો થાયને ? આપણી બુદ્ધિ વધારે વધેલી હોય, તેનો દુરુપયોગ શેમાં થાય ? ઓછી બુદ્ધિવાળાની મશ્કરી કરે એમાં ! આ જોખમ જ્યારથી મને સમજાયું, ત્યારથી મશ્કરી કરવાની બંધ થઈ ગઈ. મશ્કરી તે કંઈ થતી હશે ? મશ્કરી એ તો ભયંકર જોખમ છે, ગુનો છે ! મશ્કરી તો કોઈનીય ના થાય.

ચેતો, મશ્કરીના પરિણામ શું ?

પ્રશ્નકર્તા : પણ વધારે બુદ્ધિવાળાની મશ્કરી કરીએ, તો શો વાંધો ?

દાદાશ્રી : ના, પણ ઓછી બુદ્ધિવાળો સ્વાભાવિક રીતે મશ્કરી કરે જ નહીંને !

કોઈ ભગવાન (માણસ) આમ આમ ચાલતા હોય, એને આપણા લોકો હસે. અલ્યા, શું મશ્કરી કરે છે ? મહીં ભગવાન સમજી ગયા બધું ! ભગવાનની આવી દશા થઈ, તેની પર તું મશ્કરી કરું છું એમ ? તારી દશાય એવી થશે ! આવો નિયમ જ છે ! માટે આ દશાઓ સાચવો.

કોઈ આમ આમ (લંગડાતા) ચાલતા હોય ને એને જો આપણે હસીએને, મશ્કરી કરીએને, તો ભગવાન કહેશે, 'આ ફળ લ્યો.' આ દુનિયામાં મશ્કરી કોઈ પણ પ્રકારની ના કરશો. મશ્કરી કરવાને લઈને જ આ બધા દવાખાના ઊભા થયા છે. આ પગ-બગ બધા જે ભંગાર માલ છે ને, તે મશ્કરીઓનું ફળ છે. તે અમારુંય આ મશ્કરીનું ફળ આવેલું છે.

તેથી અમે કહીએ છીએને, '(કોઈનીય) મશ્કરી કરો તો બહુ ખોટું કહેવાય. કારણ કે મશ્કરી (અંદરવાળા) ભગવાનની થઈ કહેવાય. ભલેને, ગધેડો છે પણ આફ્ટર ઑલ (અંતે તો) શું છે ? ભગવાન છે.' હા, છેવટે તો ભગવાન જ છે ને ! જીવમાત્રમાં

ભગવાન જ રહેલા છે ને ! મશ્કરી કોઈની કરાય નહીંને ! આપણે હસીએને, તો ભગવાન જાણે કે 'હા, હવે આવી જા ને, તારો હિસાબ લાવી આપું છું આ ફેરો.'

નિર્દોષ ગમ્મતે કોઈને દુઃખ ન થાય

કોઈને ઊંચે સાદે બોલ્યા ને, એનાથી સામાવાળાને દુઃખ થાય. અરે, સહેજેય કોઈને 'જોક' (મજાક) કર્યો હોય અને સામો જરા કાચો હોય ને જરા ચલાવી લેતો હોય તો એ અતિક્રમણ કર્યું કહેવાય. અમે 'જોક' કરીએ પણ નિર્દોષ 'જોક' કરીએ. અમે તો એનો રોગ કાઢીએ ને એને શક્તિવાળો બનાવવા માટે 'જોક' કરીએ. જરા ગમ્મત આવે, આનંદ આવે ને પાછું એ આગળ વધતો જાય. બાકી એ 'જોક' કોઈને દુઃખ ના કરે. આવી આ ગમ્મત જોઈએ કે ના જોઈએ ? પેલોય સમજે કે આ ગમ્મત કરે છે. મશ્કરી નથી કરતા, ગમ્મત કરે છે.

છતાંય એવી મશ્કરી કરવામાં વાંધો નથી કે જેનાથી કોઈને દુઃખ ના થાય અને બધાને આનંદ થાય. એને નિર્દોષ ગમ્મત કહી છે. એ તો અમે અત્યારેય કરીએ છીએ, કારણ કે મૂળ જાય નહીંને ? પણ એમાં નિર્દોષતા જ હોય !

ટીકા, આત્મજ્ઞાનને બાધક

પ્રશ્નકર્તા : ઘણીવાર સામે ના કહેવાય પણ પાછળથી બીજાને એનું અવળું કહું છું.

દાદાશ્રી : અવળું જ બોલ બોલ કરવું, એનું નામ નિંદા. અને એના પ્રત્યક્ષ દેખાતા દોષો, તે ઓપન (ખુલ્લા) કરવા, એનું નામ ટીકા કહેવાય. કોઈનું દેખાતા-ના દેખાતા બધું ગા ગા કર્યા કરે. દુઃખવાળો જ કોઈની ટીકા કરે, દુઃખવાળો કો'કને સળી કરે. સુખિયો માણસ કોઈની ટીકા કરે નહીં. આ દુખિયા લોક છે તે કરે તો ભલે અને એથી આનંદ રહેતો હોય તો કરે.

કોઈની સહેજ પણ ટીકા કરવા જતા કેવળજ્ઞાનને બાધક છે. અરે, આત્મજ્ઞાનનેય બાધક છે, સમકિતનેય બાધક છે. ટીકા બધી રીતે બાધક છે. ટીકા કરવાની નવરાશ જ ના હોવી જોઈએ. સામાની ટીકા કરો તો તેની આરાધનાની ટીકા કરી કહેવાય, એ ભયંકર ગુનો છે. તમે સામાને ટેકો ના આપી શકો તો કંઈ નહીં, પણ ટીકા તો ના જ કરો. જો ટીકા છે, તો વીતરાગનું વિજ્ઞાન નથી. ત્યાં ધર્મ છે જ નહીં, અભેદતા છે જ નહીં.

નિંદા કરવાથી આવે જ્ઞાન પર આવરણ

નિંદા એ વિરાધનામાં ગણાય. કોઈની નિંદા ના કરાય, તોય લોકો પાછળથી નિંદા કરે છે. અલ્યા, નિંદા ના કરાય. આ વાતાવરણમાં બધા પરમાણુઓ જ ભરેલા છે. તે પહોંચી જાય બધું. એક શબ્દ પણ કોઈના માટે બેજવાબદારીવાળો ના બોલાય. અને બોલવું હોય તો કંઈક સારું બોલ. કીર્તિ બોલ, અપકીર્તિ ના બોલીશ.

કોઈ પણ માણસની વ્યક્તિગત વાત કરવાનો અર્થ જ નથી. સામાન્યભાવે વાત સમજવાની જરૂર. વ્યક્તિગત વાત કરવી એ તો નિંદા કહેવાય. અને નિંદા એ તો અધોગતિમાં જવાની નિશાની ! કોઈની નિંદા કરો એટલે તમારે ખાતે ડેબીટ (ઉધાર) થયું અને પેલાને ખાતે ક્રેડિટ (જમા) થયું. એવો ધંધો કોણ કરે ? અને માણસની નિંદા કરવી ને, એ જ માર્યા બરોબર છે. માટે નિંદામાં તો બિલકુલેય પડવું જ નહીં. માણસની નિંદા કોઈ દહાડો કરવી નહીં, એ પાપ જ છે.

કોઈ માણસની નિંદા ના કરાય. અરે, સહેજ વાતચીત પણ ના કરાય. એમાંથી ભયંકર દોષ બેસી જાય. એમાંય અહીં સત્સંગમાં, પરમહંસની સભામાં તો કોઈનીય સહેજ પણ અવળી વાતચીત ના કરાય. એક જરીક અવળી કલ્પનાથી જ્ઞાન ઉપર કેવું મોટું આવરણ આવી જાય છે ! તો પછી આ 'મહાત્મા'ઓની ટીકા, નિંદા કરે તો કેવું ભારે આવરણ આવે ? સત્સંગમાં તો દૂધમાં સાકર ભળી જાય તેમ ભળી જવું જોઈએ. આ બુદ્ધિ જ મહીં ડખો કરે. અમે બધાનું બધું જાણીએ છતાંય કોઈનું એક અક્ષરેય ના બોલીએ.

એક અક્ષરેય ઊંધું બોલવાથી જ્ઞાન ઉપર મોટું આવરણ આવી જાય.

મેણા-ટોણા મારી દુઃખ આપે હિન્દુસ્તાની

પ્રશ્નકર્તા : કોઈને જરા કડવું કહેવું હોય, પણ એવી રીતે ફેરવીને કહીએ કે પેલાને લાગે કે આ મને જ કહ્યું, પણ પેલો આપણામાં વાંક ન કાઢી શકે.

દાદાશ્રી : આ તો ઊલટો એને ટોણો મારો ને ટોણાં મારવા, એ તો મોટી હિંસા કહેવાય.

આ અક્કલના કોથળાઓને બહુ મેણા-ટોણા આવડે. તમેય મેણા-ટોણા સાંભળેલા ? પિયરમાં શું દુઃખો પડ્યા, સાસરીમાં શું દુઃખો પડ્યા, એ બધું પોતાની પાસે નોંધ હોયને ? એ ઘા રૂઝાય નહીંને જલદી ?

ટોણો તો બહુ મોટો, ભારે હોય ને ? હવે આ ટોણાનું અંગ્રેજી કરવું હોય તો વેશ થઈ પડે ને ?

પ્રશ્નકર્તા : ટોન્ટ.

દાદાશ્રી : ના, ટોન્ટમાં ના સમાય. ટોન્ટનો તો હિસાબ જ નહીં. ટોન્ટ તો ફોરેનમાંય મારે છે. આ તો ટોણો ! એ તો ફોરેનમાં હોય જ નહીંને ! આ ટોણો તો કાળજે ઘા લાગે એવો હોય.

આપણે નક્કી કરવું એ જ આપણો ધર્મ

પ્રશ્નકર્તા : પહેલા આપે વાત કરી'તી કે વાણીથી કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ન થાવ. એટલે આપે કહેલું કે સામેવાળાના શુદ્ધાત્મા સાથે જ પહેલા વાતચીત કરી લેવી, પછી મૌન રહીએ તો વાંધો નહીં. એટલે એ વાતચીતમાં નક્કીપણું કરવાનું કે કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ન થાવ ?

દાદાશ્રી : એ તો ભાવ કાયમનો હોય. આપણે શુદ્ધાત્મા થયા ને, એટલે 'આ જગતમાં કોઈનેય કિંચિત્‌માત્ર દુઃખ ન હો' કાયમનું હોય. ઊલટું આપણે કહેવું કે ચંદુ* બોલ, 'આ મન-વચન-કાયાથી કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ન હો.'

જેવું એ નક્કી કરે એવું થાય. તારી ઈચ્છા નથીને કોઈને કિંચિત્‌માત્ર દુઃખ દેવાની ? એ આપણે નક્કી કરી બોલ બોલ કરવાનું કે 'ચંદુના દેહે કરીને આ દુનિયામાં કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ના હો.'

આપણો ધર્મ આપણે નક્કી કરવું તે. સામાની પાસે આશા રાખવી એ ગુનો છે. આપણે કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ના દઈએ તો કોઈ આપણને દુઃખ દે નહીં, અને દુઃખ દે તો પહેલાનો હિસાબ હોય તો.

પ્રશ્નકર્તા : દાદા, મારે એવું નક્કીપણું તો હોય છે કે જે મને દુઃખ દે છે, તો એ મારા પહેલાના આધારે જ દે છે પણ મારે આજે હવે દુઃખ નથી દેવું.

દાદાશ્રી : અને આપણે નક્કી કરવું કે હવે કોઈ પણ હિસાબે મારાથી કિંચિત્‌માત્ર દુઃખ કોઈનેય ન હો. એ દુઃખ આપી જાય તો ભલે આપી જાય પણ મારે ના આપવું. પછી ન્યાયમાં હોવું જોઈએ. પછી એ જાણી જોઈને દુઃખી થતો હોય તો એનો આપણે ઉપાય નથી. એ અણસમજણથી દુઃખી થાય તો એનો ઉપાય નથી.

શંકાથી દુઃખ અપાય એ મોટા ગુના

મનુષ્યને આ જેટલા બધા તાપ છે ને, તાપ, સંતાપ, પરિતાપ, ઉત્તાપ, એ બધા શંકાથી ઊભા થયા છે. શંકા બધું ઊંધું દેખાડે. ભયંકર અજ્ઞાનતા, એનું નામ શંકા. શંકા એ બુદ્ધિનો ડખો છે. અક્કલવાળા એટલે વધુ વિચારવાળા, વધુ બુદ્ધિવાળા. જ્યારે કંઈક દુઃખ ભોગવવાનું થાય, ખરેખરું દુઃખ ભોગવવાનું થાય ત્યારે શંકા ઉત્પન્ન થાય. ને શંકામાં દુઃખ કેટલું પડતું હશે ? કંઈ પણ શંકાશીલ બનવું એ મોટામાં મોટો ગુનો છે.

પ્રશ્નકર્તા : શંકામાં કેવી ખોટ જાય છે, એ જરા ફોડ પાડોને !

દાદાશ્રી : શંકા, એ દુઃખ જ છે ને ! પ્રત્યક્ષ દુઃખ ! એ કંઈ ઓછી ખોટ કહેવાય ? શંકામાં વધારે ઊતરે તો મરણતોલ દુઃખ થાય.

* ચંદુભાઈની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

પ્રશ્નકર્તા : એ શલ્યની જેમ રહે ?

દાદાશ્રી : શલ્ય તો સારું, પણ શંકામાં તો એથી વધારે-ભારે દુઃખ હોય. શલ્ય તો કો'ક બીજી વસ્તુ આમાં પેસી ગઈ હોય તો ખૂંચ્યા કરે એટલું જ અને શંકા તો મારી નાખે માણસને, સંતાપ ઊભો કરે. એટલે શંકા ના કરવી.

શંકા રાખવી એ તો તારો ભાવ બગડે છે, તે એમાં હાથ ઘાલ્યો. એટલે એ દુઃખ જ આપે. શંકા ઉત્પન્ન થવા દેવી નહીં, સાવધાની રાખવી. શંકા કરે કે 'મરણ' આવ્યું જાણો ! શંકા એ ભયંકર અજ્ઞાનતા છે.

શંકા આવે એટલે એ સંતાપમાં હોય જ. ભયંકર દુઃખી હોય, પાર વગરના દુઃખ હોય એને. કારણ કે ભગવાને કહ્યું કે 'શંકા એ જ મોટામાં મોટો ગુનો છે' અને તે એને તરત જ દુઃખ આપે છે. એ શંકા સામાનેય દુઃખ આપે છે. લોકો દુઃખી છે, એનું કારણ જ શંકા છે. નર્યું દુઃખ, દુઃખ ને દુઃખ જ છે. તેથી હું આ વાત સમજવાનું કહું છું ને, કે સમજો, સમજો, સમજો !

આક્ષેપો, કેટલા દુઃખદાયી !

બધું જ તૈયાર છે પણ ભોગવતા આવડતું નથી, ભોગવવાની રીત આવડતી નથી. મુંબઈના શેઠિયાઓ મોટા ટેબલ પર જમવા બેસે છે, પણ જમી રહ્યા પછી 'તમે આમ કર્યું, તમે તેમ કર્યું, મારું હૈયું તું બાળ બાળ કરે છે વગર કામની !' અરે ! વગર કામનું તો કોઈ બાળતું હશે ? કાયદેસર બાળે છે, ગેરકાયદેસર કોઈ બાળતું જ નથી. આ લાકડાંને લોકો બાળે છે, પણ લાકડાના કબાટને કોઈ બાળે છે ? જે બાળવાનું હોય તેને જ બાળે છે. આમ આક્ષેપો આપે છે. આ તો ભાન જ નથી. મનુષ્યપણું બેભાન થઈ ગયું છે, નહીં તો ઘરમાં તે આક્ષેપો અપાતા હશે ? પહેલાના વખતમાં ઘરમાં માણસો એકબીજાને આક્ષેપો આપે જ નહીં. અરે, આપવાનો થાય તોય ના આપે. મનમાં એમ જાણે કે આક્ષેપ આપીશ તો સામાને દુઃખ થશે અને કળિયુગમાં તો લાગમાં લેવા ફરે. ઘરમાં મતભેદ કેમ હોય ? મતભેદ પડે તો કામનું જ શું લાઈફ (જિંદગી)માં ?

મતભેદના દુઃખ છે માનવીને

હિન્દુસ્તાનના મતભેદોને કાઢવા ફરે છે લોકો. પહેલા આપણે મહીં મતભેદ ના હોવો જોઈએ. મહીં મતભેદ થયો એટલે ગોટાળો. પછી ટેન્શન થાય, પછી કોમ્પ્રેશન આવે. કોમ્પ્રેશન આવે ને ?

પ્રશ્નકર્તા : અંદરનો મતભેદ એટલે શું, દાખલો આપીને સમજાવો.

દાદાશ્રી : હવે તમે કોઈને બોલાવતા હોય, કો'કને દેખ્યા એટલે કહો, આવો આવો, તો મહીં કહે, આ નાલાયકને શું કામ છે તે ? મહીં પાછા એવું બોલે. એ તૃતિયમ્ બોલે. એવું કોઈ વખત બને ખરું ?

પ્રશ્નકર્તા : કો'ક વખત શું, લગભગ બધી વખત એવું બને. ભૂલમાં બોલાવી દીધા પછી થઈ જાય કે આમને કંઈ બેસાડ્યા !

દાદાશ્રી : એટલે આ મતભેદ ઠેર ઠેર ઘરમાં, મહીં ઝઘડા-મતભેદ હોય. આ તો હમણે આ જ્ઞાન આપ્યા પછી (તમને) ઓછાં થયા, નહીં તો પહેલા તો આખો દહાડોય ઝઘડાં-તોફાન ચાલ્યા કરતા મહીં. એ કહેશે, 'અલ્યા, મેં તારું શું બગાડ્યું છે, તે તમે ઘરમાં વઢો છો બધા ?' ત્યારે બીજો કહે, 'તમે શું બગાડ્યું છે, તે તમે જાણતા નથી ?' એટલે આ જીવન જીવતાય ના આવડ્યું ? અકળામણથી જીવો છો ? એકલો મૂઓ છું ? ત્યારે કહે, 'ના, પૈણેલો છું.' ત્યારે મૂઆ, વાઈફ છે તોય તારી અકળામણ ના મટી ? અકળામણ ના જવી જોઈએ ? આ બધું મેં વિચારી નાખેલું. લોકોએ ના વિચારવું જોઈએ આવું બધું ? બહુ મોટું વિશાળ જગત છે, પણ આ જગત પોતાના રૂમ અંદર છે એટલું જ માની લીધું છે અને ત્યાંય જો જગત માનતો હોય તોય સારું, પણ ત્યાંય 'વાઈફ' જોડે લઢાબાજી ઉડાડે (કકળાટ કરે) !

'હું' ને 'તું'ના મતભેદે દુ:ખ ઊભા

હવે આ અણસમજણ નહીં ? તમને કેમ લાગે છે ? તે અભેદ હતા તે તૂટી ગયા અને ભેદ ઉત્પન્ન થયો. એટલે વાઈફ જોડેય 'મારી-તારી' થઈ જાય. 'તું આવી છું ને તું આવી છું !' ત્યારે એ કહેશે, 'તમે ક્યા પાંસરા છો ?' એટલે ઘરમાંય 'હું' ને 'તું' થઈ જાય.

'હું ને તું, હું ને તું, હું ને તું', તે પહેલા અમે હતા. અમે બે એક છીએ, અમે આમ છીએ, અમે તેમ છીએ. અમારું જ છે આ. તેનું 'હું ને તું' થયા ! હવે 'હું' અને 'તું' થયા એટલે હુંસાતુસી થાય. એ હુંસાતુસી પછી ક્યાં પહોંચે ? ઠેઠ હલદીઘાટીની લડાઈ શરૂ થઈ જાય. સર્વ વિનાશને નોંતરવાનું સાધન એ હુંસાતુસી ! એટલે હુંસાતુંસી તો કોઈની જોડે થવા ના દેવી. સંસારમાં કેમ ઊભું રહેવાય, આવા ફસામણવાળા સંસારમાં ? હું ને તું હોય, ત્યાં જીવાય જ કેમ કરીને ?

અસમાધાન ઉપજાવે દુ:ખ

ઘરમાં વાઈફ જોડે મતભેદ થાય તો તેનું સમાધાન કરતા આવડે નહીં, છોકરાં જોડે મતભેદ ઊભો થાય તો તેનું સમાધાન કરતા ના આવડે અને ગૂંચાયા કરે.

પ્રશ્નકર્તા : ધણી તો એમ જ કહેને, કે 'વાઈફ' સમાધાન કરે, હું નહીં કરું !

દાદાશ્રી : હંઅ, એટલે 'વાઈફ' સમાધાન કરે ને આપણે ના કરીએ તો આપણી 'લિમિટ' થઈ ગઈ પૂરી. પુરુષ હોયને, તે તો એવું (સરસ) બોલે કે 'વાઈફ' રાજી થઈ જાય અને એમ કરીને ગાડી આગળ ચાલુ કરી દે, અને તમે તો પંદર-પંદર દહાડા, મહિના-મહિના સુધી ગાડી બેસાડી રાખો, તે ના ચાલે. જ્યાં સુધી સામાના મનનું સમાધાન નહીં થાય, ત્યાં સુધી તમારે મુશ્કેલી છે. માટે એનું સમાધાન કરવું.

આમ ઘરમાં મતભેદ પડે, તે કેમ ચાલે ? બઈ કહે કે 'હું તમારી છું' ને ધણી કહે કે 'હું તારો છું' પછી મતભેદ કેમ ? તમારા બેની અંદર 'પ્રોબ્લેમ' (સમસ્યા) વધે તેમ જુદું થતું જાય. 'પ્રોબ્લેમ' 'સોલ્વ' થઈ જાય, પછી જુદું ના થાય. અને બધાને 'પ્રોબ્લેમ' ઊભા થવાના, તમારે એકલાને થાય છે એવું નથી. જેટલાંએ શાદી કરી, તેને 'પ્રોબ્લેમ' ઊભા થયા વગર રહે નહીં.

આગ્રહ-ખેંચથી અપાયા દુ:ખો

સાચી વ્યક્તિ લોકોને બહુ દુ:ખ આપે છે, તેથી તેને દુ:ખ જ આવે. સાચો માણસ 'હું સાચો છું' કરીને બધાને બહુ દુ:ખ આપે. માટે આગ્રહપૂર્વક બોલાય એવું નથી. આગ્રહપૂર્વક બોલ્યા એ પોઈઝન (ઝેર) ! શાસ્ત્રકારોએ કહ્યું કે વધુ પડતી ખેંચ કરી માટે અસત્ય છે ને ખેંચ ના કરી માટે સત્ય છે. સત્યને સત્ય ઠરાવવા જશો તો અસત્ય થઈને ઊભું રહેશે, એવા જગતમાં સત્ય ઠરાવો છો ?

માટે સત્ય-અસત્યની ભાંજગડ મૂકી દેવાની. એ ભાંજગડવાળા ત્યાં કોર્ટમાં જાય. પણ આપણે કંઈ કોર્ટમાં બેઠા નથી. આપણે તો અહીં દુ:ખ ના થાય એ જોવાનું. જે સત્ય બોલતા સામાને દુ:ખ થતું હોય તો આપણને એ બોલતા જ નથી આવડતું.

આડાઈ કરી દુ:ખ આપે

(અમારી) દિલ ઠરે એવી વાત હોય તોય સ્વીકાર ના કરે, પોતાના મતે જ ચાલે. અમે કોઈને કશુંય કહીએ નહીં, દબાણ ના કરીએ. છતાં કોઈને કશું કહીએ અને જો કદી એ ના માને તો એને આડાઈ જ કહેવાયને ? પોતાના મતે જ ચાલવું છે ને ?

આ લોક તો કહેશે, 'તારી બનાવેલી ચા નહીં પીઉં.' ઓહોહો, ત્યારે કોની બનાવેલી ચા પીશ હવે ? એટલે એ ધણી છે તે દબડાવે પેલીને. શું કહેશે ? 'તેં ચા બગાડી ને, એટલે હવે ફરી તારા હાથની ચા નહીં પીઉં.' બિચારીને દબડાવે, આડો થાય.

બાકી એ રિસાય ત્યારે આડું કરે ને ! સ્ટેશન પર એક ભાઈની વહુ રિસાયેલી આવેલી. તે ભાઈ એને કહે, 'ગાડીમાં બેસી જા ને ! ગાડી ઊપડી જશે, પછી રાત પડી જશે.' તોય એ ના બેઠી અને એનેય

રખડી મરવું પડ્યું. રિસાયેલા માણસની આગળ તો બાર ગાડીઓ જતી રહે. જરાક એને વાંકું પડ્યું એટલે આડો થઈને ઊભો રહે. એને વાંકું પડવું જોઈએ. કેટલી બધી આડાઈઓ ! તેના દુઃખ પડે છે ને !

ત્રાગાં કરી સામાને ઉપાધિ કરાવે

પ્રશ્નકર્તા : સામાની પાસે પોતાનું ધાર્યું કરાવવું એ આડાઈમાં ગણાય ?

દાદાશ્રી : બીજું શું ત્યારે ? આડાઈ નહીં ત્યારે બીજું શું ? અને એ રિસાઈ કરીને, છેવટે ત્રાગું કરીનેય પણ ધાર્યું કરાવે. ત્રાગું તમે જોયેલું નહીં ? તમને તાવ ચઢી જાય, ત્રાગું જુઓ તો ! સામો માણસ ત્રાગું કરે તો તમને તાવ ના ચઢેલો હોય તોય તાવ ત્રણ ડિગ્રી ચઢી જાય !

પ્રશ્નકર્તા : ત્રાગું એટલે શું ?

દાદાશ્રી : ત્રાગું તો એનું નામ કહેવાય કે બધા માણસોને પોતાની ઈચ્છા વગરેય દબાઈ જવું પડે અને હા એ હા કહેવી પડે. જેમ પોલીસવાળાને વશ થઈ જાય છે ને, એવું વશ થઈ જવું પડે. એને ત્રાગું કહેવાય.

ત્રાગું એટલે પોતે એવું કરે કે સામો ભડકીને પછી એની વાત 'એક્સેપ્ટ' (સ્વીકાર) કરી દે. પોતાનું ધાર્યું કરાવવા માટે ગમે તેવું કરે. માથું કૂટે, આમ કૂટે, કૂદાકૂદ કરે, રડે, છેડો વાળે. આપણને ચોગરદમથી બિવડાવી મારે, એનું નામ ત્રાગું કહેવાય. પોતાનું ધાર્યું ના થાય ત્યારે ત્રાગાં કરે. ધાર્યું કરાવવા માટે કરે એ ત્રાગું કહેવાય. પોતાનું ધાર્યું કરાવવા માટે, બીજા બધા માણસોને બિવડાવવા માટે તાગડો રચવો, એનું નામ ત્રાગું. માર-તોફાન, તોફાન !

આ કુદરતનું કેવું છે ? કોઈ પણ જીવને કિંચિત્‌માત્ર એનું ધાર્યું ના થવા દે. પણ જેનાથી કિંચિત્‌માત્ર કોઈને મનથી, વાણીથી કે વર્તનથી દુઃખ થતું નથી, તેને કુદરત બધી સત્તા આપે છે, ધાર્યું કરવાની.

ગાંડો અહંકાર સામાને દુઃખ આપે

પ્રશ્નકર્તા : પોતે જ સાચો છે, એ અહંકાર એટલે આપણું પોતાનું ધાર્યું કરવું તેને કહે છે ?

દાદાશ્રી : ના, ધાર્યા ઉપર નહીં, ધાર્યું તો બધા ઘણા માણસો કરે છે. અહંકાર એટલે ગાંડું દેખાય એવું, એનું નામ ગાંડો અહંકાર કહેવાય. વ્યવહારિકતા ના દેખાય. આ બધા લોકો વ્યવહારિક કામ કરે છે, તેમાં કોઈનું ખોટું, કોઈને ગાંડું કહેવાતું નથી. પણ જેને ગાંડું કહેવામાં આવે તેને અહંકાર કહે લોકો. દુનિયાથી નવી જ જાતનું દેખાડે એ અહંકાર.

પ્રશ્નકર્તા : પોતાને ખબર ના હોય ?

દાદાશ્રી : એ તો ભાન જ ના હોય ને કશુંય ! ખબરની વાત ક્યાં પણ ભાન જ ના હોયને ! હું શું ગાંડું કરી રહ્યો છું કે શું બોલી રહ્યો છું, એ ભાન ના હોય. ત્યારે તો અહંકાર એવો નીકળે બધો. આ પચાસ માણસ બેઠાં હોયને પણ એક જણે ઊંધું કર્યું તો લોકો તરત કહેશે, 'આ અહંકારી મૂઓ !' વ્યવહારિકતા હોવી જોઈએ, બધા લોકોને એક્સેપ્ટ (સ્વીકાર) થાય, કબૂલ થાય એવી. આપણે જે કરીએ તે બધા લોકો કહે કે 'ના ભઈ, સારું કામ કર્યું આપે.' અહંકાર કેવો હોવો જોઈએ ? લોકો એક્સેપ્ટ કરે એવો અહંકાર હોવો જોઈએ. આ તો ગાંડો અહંકાર હોય છે, તે લોકોને પસંદ ના પડે.

અહીં બીજી બધી વાતો છે ને કે 'હું આમ કરી નાખું ને તેમ કરી નાખું.' હવે એનાથી કશું થાય નહીં ને અહંકાર બોલે. એ બધા ગાંડા અહંકાર જ ભર્યા છે. જેનાથી થાય એવું હોયને, તો તે અહંકારેય ના કરે.

પ્રશ્નકર્તા : પણ આ ગાંડો અહંકાર છે એ કેવી રીતે ખબર પડે ?

દાદાશ્રી : ગાંડો અહંકાર બધે હોય ને તેને મસ્તીમાં રખડાવે. એને ઓળખી કાઢવાનો. મને કોઈ કહે કે 'દાદાજી, તમે અક્કલ વગરના છો', એટલે હું સમજું, ત્યાં મારો ગાંડો અહંકાર ઊભો ના થાય.

એટલે મને દુઃખ આવે જ નહીંને ! એનો અહંકાર એને દુઃખ આપે, તે મને શું દુઃખ આપવાનો છે ? દુઃખ આપે એ બધો અહંકાર ગાંડો.

ગાંડો અહંકાર સવળાને અવળું દેખાડે

દરેકમાં ગાંડો અહંકાર હોય. એ ગાંડો અહંકાર સવળાને અવળું દેખાડે. ગાંડો અહંકાર તો ઘરની જે તમારી છ-સાત 'ફાઈલો' હોયને, એ સાતેય ફાઈલોનું અવળું જ દેખાડતો હોય. વીતરાગ વિજ્ઞાન શું કહે છે કે ઘરનાની પ્રકૃતિને જીતો. જીતો એટલે ? એ બધા તમારી પર ખૂબ રાજી થાય. તેથી એમને દુઃખ ના થાય, એવી રીતે જીતો. બહાર દુનિયા જીતવાની નથી, તમારી ઘરની સાત ફાઈલો છે, એને જીતો. દુનિયા જીતાયેલી જ છે ! તમારી ફાઈલને મૂકીને નાસી છૂટ્યા ને સાધુ થઈ ગયા, તો દહાડો વળે નહીં. એ ફાઈલને જીતવી પડશે. એ ફાઈલ તમારે માટે જ આવેલી છે.

ગાંડો અહંકાર તો બહુ ખરાબ કામ કરે. કશું સમજવા જ ના દે. ઊંધું ને ઊંધું બાફ બાફ કરે. ફાઈલના દોષ જોયા અને પોતાને ચોખ્ખો જુએ કે હું બહુ ડાહ્યો, પોતાના દોષોનો બચાવ કર્યો. પોતે પોતાને કહે કે 'ના, તમારો દોષ નથી.' એટલે પોતે ને પોતે બચાવ કરી નાખે. વકીલ તેનો તે જ, જજ તેનો તે જ અને આરોપી તેનો તે જ, બોલો, શી દશા થાય ? પોતે આરોપી હોય, પોતે વકીલ હોય ને પોતે જજ હોય તો કેવું જજમેન્ટ (ચુકાદો) આવે ? અને આ તો સામાને ગુનેગાર જોયો ને પોતાનો બચાવ કર્યો !

એટેક અને રક્ષણથી અપાય દુઃખો

પ્રકૃતિનું રક્ષણ કરવાની તો વાત છે જ, પણ ઊલટું 'એટેક' (પ્રહાર) હઉ કરે છે, સામા ઉપર પ્રહાર હઉ કરે છે. એટલે આ મોટું પોતાપણું કાઢવાનું છે ને ! પ્રકૃતિનું રક્ષણ કરવું એ પોતાપણું. આપણા મહાત્માઓ કરતા હશે ખરા ? તેથી જ સહજ થતું નથી, બળ્યું. આ તો કાંઈક જરાક અપમાન કરે તે પહેલા રક્ષણ કરે, જરાક બીજું કંઈ કરે ત્યાં રક્ષણ કરે. એ બધું સહજપણું થવા જ ના દે ને ! 'એટેક'વાળું જાય તો પછી રક્ષણવાળું આવે, ત્યારે પોતાપણું ખરું કહેવાય. નહીં તો ત્યાં સુધી એને હિંસકભાવ જ કહેવાય. અને 'એટેક'વાળું પોતાપણું છૂટે, ત્યાર પછી પેલું રક્ષણવાળું પોતાપણું છૂટવાની શરૂઆત થાય. કોઈકને દુઃખ થાય એવું પોતાપણું શું કામનું ?

ડખાના અહંકારે દુઃખ થાય

ચાલતી ગાડીમાં ડખલ ના કરવી. એની મેળે એ ચાલ્યા કરશે. એમાં કંઈ અટકવાનું નથી.

પ્રશ્નકર્તા : આ 'ઈન્ટરફિયર' થયો એમ કહે છે, તે જ ડખલનો અર્થ ?

દાદાશ્રી : 'ઈન્ટરફિયર' તો થવું જ ના જોઈએ. એ ડખલ જ કહેવાય. ડખલ થાય એટલે ડખો થઈ જાય. જે ચાલે છે તેને ચાલવા દેવું પડે. આપણી આ ટ્રેન ચાલતી હોય, તેમાં કંઈ ખટક ખટક થતું હોય તો તે ઘડીએ આપણે સાંકળ ખેંચીને બૂમાબૂમ કરવી ? ના, એને ચાલવા જ દેવાની.

પ્રશ્નકર્તા : આ જરાક ચૂં ચૂં બોલતું હોય તોય નીચે પાછા 'ઓઈલ' પૂરવા જાય.

દાદાશ્રી : હા, જાય. ડખલ કરવાની જરૂર નથી. શું ચાલે છે તે 'જોયા' કરવાનું. અને અમે જો ડખલ કરીએ તો તો અમારી શી દશા થાય ? જે થાય તે ચાલવા દેવાનું.

પ્રશ્નકર્તા : ખોટું હોય તોય ચાલવા દેવું ?

દાદાશ્રી : તમે શું ખરું કે ખોટું ચાલવા દેવાના હતા ? માણસોમાં ચલાવવાની શક્તિ જ નથી. આ તો ખોટો અહંકાર કરે છે કે હું ખોટું નહીં જ ચાલવા દઉં. એનાથી ઊલટી વઢવાડો થાય છે, ડખા થાય છે. કોઈનાથી ખોટું થતું હોય તો આપણે એને સમજાવવું, નહીં તો મૌન રહેવું.

ટૈડકાવી, સત્તા વાપરી કચડે હૃદયને

પ્રશ્નકર્તા : સામો વાંકો હોય તો જેવા સાથે તેવા ના થવું ?

દાદાશ્રી : સામી વ્યક્તિનું આપણે ના જોવું જોઈએ. એ એની જવાબદારી છે. જો બહારવટિયા સામે આવે ને તમે બહારવટિયા થાઓ તો ખરું, પણ ત્યાં તો બધું આપી દો છો ને ? નબળા સામે સબળ થાઓ તેમાં શું ? સબળ થઈને નબળા સામે નબળા થાઓ તો ખરું.

આ તો સત્તાવાળો હાથ નીચેનાને કચડ કચડ કરે છે. જે સત્તાનો દુરુપયોગ કરે છે તેની સત્તા જાય ને ઉપરથી માનવ અવતાર ન આવે. એક કલાક જ જો આપણી સત્તામાં આવેલા માણસને ટૈડકાવીએ તો આખી જિંદગીનું આયુષ્ય (હિસાબ) બંધાઈ જાય.

તરછોડથી મનને લોહી નીકળે

સંસારમાં સુખી થવાની ઈચ્છા હોય તો કોઈને તરછોડ ના મારશો. તરછોડ કોને મારો છો ? ભગવાનને જ. કારણ કે દરેકની મહીં ભગવાન બેઠેલા છે. માણસને ગાળ નથી પહોંચતી, ભગવાનને પહોંચે છે. સંસારના બધા પરિણામ એ ભગવાન સ્વીકારે છે. માટે એ પરિણામ એવા કરજો કે ભગવાન સ્વીકારે તો ત્યાં આપણું ખરાબ ના દેખાય. એક જીવને પણ તરછોડ મારીને કોઈ મોક્ષે જઈ શકે નહીં.

તરછોડ તો બહુ મોટી ખરાબ વસ્તુ છે. આ તલવારથી તો દેહને લોહી નીકળે પણ તરછોડથી તો મનને લોહી નીકળે ! તરછોડ સામાના બધાય દરવાજા બંધ કરી દે. જેને આપણે તરછોડ મારી હોયને, એ એનો દરવાજો કાયમ ઉઘાડે નહીં. એ શું કહેશે કે 'બધાને જવા દઉં પણ તને નહીં જવા દઉં.' આપણી તરછોડની એની પાસે ક્ષમા માગી લઈએ ને, તો એ બધું ઊડી જાય.

જુઓને, આ જીવન છે ને, લડે-કરે... સામસામી લડે. આમ દેખીતી વઢવાડ ના કરે, એ મહીં વઢવાડ કરનારા. બહાર વઢવાડ (કરે) નહીં. બહારની વઢવાડ તો એકાવતારી હોય. એક અવતારમાં એ શૂન્યતાને પામે અને અંદરની વઢવાડ તો સો-સો અવતાર સુધી ચાલ્યા કરે !

પોતાનો ધ્યેય તો લક્ષમાં હોવો ઘટેને ?

આ જગત વેરથી ઊભું રહ્યું છે. કોઈને ટૈડકાવીને તમે જીતો તો એ જીત્યા ના કહેવાય. બાકી, ઉકેલ તો બધો નમ્રતાથી આવશે. વીતરાગો કેવા ડાહ્યા હતા ! નાનું છોકરું ટૈડકાવે તોય ખુશ થઈને એમની જોડે વાત કરે. કારણ કે પોતાને મુક્તિમાં જવું છે, મોક્ષે જવું છે, આ લોકોની જોડે ક્યાં ફરી બેસી રહેવું છે ? પોતાનું કામ તો લક્ષમાં હોય કે ના હોય ? પોતાનો ધ્યેય તો લક્ષમાં જ હોય ને ? અને એટલા માટે ઉકેલ લાવવો જોઈએ. નહીં તો તમે ટૈડકાવો ને એ અત્યારે દબાઈ જાયને તો એ અંદરથી દબાતો નથી, એ અંદર સંઘરી રાખે છે, વેર બાંધે છે.

વાંકો બાંધે વેર લાખ ભવનું

કોઈ ગમે તેટલું ગાંડું બોલે, તે ઘડીએ આપણે જવાબ આપીએ, પછી તે ગમે તેટલો સુંદર હોય પણ સહેજેય સ્પંદન ફેંકાઈ જાય તોય ના ચાલે. સામાને બધું જ બોલવાની છૂટ છે, તે સ્વતંત્ર છે. અત્યારે પેલા છોકરાં ઢેખાળા નાખે તો તેમાં એ સ્વતંત્ર નથી ? પોલીસવાળો જ્યાં સુધી આંતરે નહીં, ત્યાં સુધી સ્વતંત્ર જ છે. સામો જીવ તો ગમે તે ધારે તે કરે. વાંકો ફરે ને વેર રાખે તો તે લાખ અવતાર સુધી મોક્ષે ના જવા દે ! એટલા માટે તો અમે કહીએ છીએ કે ચેતતા રહેજો. વાંકા મળે તો જેમ તેમ કરીને, 'ભાઈ સાહેબ' કરીને પણ છૂટી જજો ! આ જગતથી છૂટવા જેવું છે.

આ જગતમાં એક વેર નથી કરવા જેવું કોઈની જોડે. સામો અવળું બોલે તો આપણે લેટ ગો કરીને પણ વેર નથી કરવા જેવું. નહીં તો મરી ગયા પછીયે છોડે નહીં.

સમાધાન કરાવીનેય ઉકેલો

કોઈકને સહેજેય છંછેડ્યો એટલે એ બદલો લેવા નિયાણું કરે. આ લોકો કેવા છે કે 'મારું બધું તપ એમાં જાવ પણ આને તો ખલાસ કરી નાખું !' એવું નિયાણું કરે. માટે વેર ના બાંધશો. આપણી ભૂલ થઈ

તો માફી માગી લેજો અને એ ભૂલનો ઉકેલ લાવજો, પણ કેસ ઊંચો મૂકી દેજો. આ જગત વેરથી ઊભું રહ્યું છે. એટલે કોઈ જગ્યાએ વેર ઊભું રહ્યું હોય તો આપણે એને ક્ષમાપના કરીનેય, માફી માગીનેય અને પગે પડીને પણ એની જોડે વેર ના બાંધવું અને એની જોડેના વેર છોડાવી નાખવા કે જેથી એ માણસ ખુશ થઈ જાય કે 'ના ભાઈ, હવે વાંધો નથી.' એની જોડે સમાધાન કરી લેવું, જેથી આપણને અટકાવે નહીં.

પ્રશ્નકર્તા : એટલે સોલ્યુશન (ઉકેલ) લાવવાની ઈચ્છાવાળા આવું કબૂલ કરી લે તો સમાધાન થઈ જાય ?

દાદાશ્રી : હા. અરે, અમે તો 'ગાંડા થઈ ગયા છીએ' એવું હઉ કહીએ. 'અમારું મગજ જરા એ થઈ ગયું છે' કહીએ એટલે આપણને એ છોડી દે. આપણે કંઈ પૈણવું છે એમને ? એટલે સમાધાન કરીને આગળ હેંડ્યા આપણે. આપણને તો જે તે રસ્તે વેર બંધાય નહીં એટલું જ જોઈએ છે ને !

દુઃખ આપી વેર બંધાતા વાર ના લાગે

આ જગત એવું છે કે સારી રીતે બોલાવીએ-ચલાવીએ તો એ આપણને આગળ જવા દે. નહીં તો એને જો સળી કરીએને, તો પણ એ જવા ના દે ને 'તું પણ મારા ઘાટમાં આવી જા' કહેશે. આ તો ઘડીવારમાં તો વેર બાંધી દે. આમને વેર બાંધતા વાર જ ના લાગે.

પ્રશ્નકર્તા : આ જગતમાં વેર ના બંધાય એવી એકાદ જગ્યા તો બતાવો.

દાદાશ્રી : વેર ના બંધાય એવી રીતે વર્તવું જોઈએ. હું વેર બંધાય નહીં એવી રીતે વર્તુ છું.

પ્રશ્નકર્તા : તો પોતે ઘસાઈને પણ વેર છોડવાના ?

દાદાશ્રી : હા, ગમે તે રસ્તે, ઘસાઈને, ફસાઈને પણ વેર ના બંધાય એવી રીતે વર્તવાનું. હું પહેલેથી એ રીતે જ વર્તેલો. અમારે કોઈની જોડે મતભેદ નહીં પડેલા. એનું કારણ શું ? નોબિલિટી ઓફ માઈન્ડ - નુકસાન ખઈને પણ વેર ના બંધાવા દઈએ. ત્યારે આપણા લોક તો શું કરશે ? નુકસાન થયું એટલે એની જોડે સંબંધ જ છોડી દે અને પાછો બીજા જોડે સંબંધ બાંધે. બસ્સો રૂપિયાના નુકસાન હારુ પેલા જોડે સંબંધ છોડી દે ને આમ નર્યા વેર બાંધે. બસ્સો રૂપિયા તો ફરી વાર મળશે, પણ આવી રીતે આ બધા સંબંધો બગાડ્યા એ તો ભયંકર ગુનો છે.

ઉઠાવી લ્યો આ છેલ્લી તક

જે વસ્તુથી છેતરાયા એ વસ્તુ પડી રહેવાની છે અને આ લોકો જોડે વગર કામના વેર બાંધવાના. હવે એના બે રૂપિયા આપણી પાસે રહી ગયા હોય તો એને આખી જિંદગી યાદ રહ્યા કરે કે મારા બે રૂપિયા લેવાના રહ્યા છે. હવે આનું શું થાય તે ? આખી જિંદગી જીવ એમાં ને એમાં જ રહ્યા કરે. અને તે દહાડે (એ જમાનામાં) તો બે રૂપિયાની કિંમત કંઈ આજના જેવી નહીં. મારું શું કહેવાનું છે કે આ જગતથી છેતરાઈને પણ મોક્ષે ચાલ્યા જવા જેવું છે. કારણ કે વખત ખરાબ આવી રહ્યો છે. પછી તો એંસી હજાર વર્ષ સુધી તો માણસને ઊંચું જોવાનો વખત નથી મળવાનો, એટલાં ભયંકર દુઃખોમાં, યાતનાઓમાં બધા રહેશે. તેથી આપણે કહીએ છીએ ને, કે ચેતો, ચેતો ! કહ્યું છેને, કે 'ઉઠાવી લ્યો આ છેલ્લી તક...'

કોઈને દુઃખ ના થાય એ મોટો સિદ્ધાંત

આ તો પોતાનો 'ઈગોઈઝમ' (અહંકાર) છે કે 'આ મારું ખરું છે ને પેલાનું ખોટું છે.' વ્યવહારમાં જે 'ખરું-ખોટું' બોલવામાં આવે છે તે બધું 'ઈગોઈઝમ' છે. છતાં વ્યવહારમાં કયું ખરું કે ખોટું ? જે મનુષ્યોને કે કોઈ જીવને નુકસાનકારક વસ્તુઓ છે, વ્યવહારને નુકસાનકર્તા છે, સામાજિક નુકસાનકર્તા છે, નાના જીવોને કે બીજા જીવોને નુકસાનકર્તા છે, એને આપણે ખોટી કહીએ.

વ્યવહાર સત્ય કોને કહેવાય કે કોઈ જીવને નુકસાન ના થાય એવી રીતે વસ્તુ લે, વસ્તુ ગ્રહણ

કરે, કોઈ જીવને દુઃખ ના થાય એવી વાણી બોલે, કોઈ જીવને દુઃખ ના થાય એવું વર્તન હોય. એ મૂળ સત્ય છે, વ્યવહારનું મૂળ સત્ય આ છે. એટલે કોઈને દુઃખ ના થાય, એ મોટામાં મોટો સિદ્ધાંત. વાણીથી દુઃખ ના થાય, વર્તનમાં દુઃખ ના થાય અને મનથી એને માટે ખરાબ વિચાર ના કરાય. એ મોટામાં મોટું સત્ય છે, વ્યવહાર સત્ય છે, તેય પાછું ખરેખર 'રિયલ' સત્ય નહીં. આ છેલ્લામાં છેલ્લું વ્યવહાર સત્ય છે !

માનસિક દુઃખ આપવું એ આત્મહિંસા

માટે કોઈ જીવને ત્રાસ ના થાય, કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય (એમ રાખવું). કોઈ જીવની સહેજ પણ હિંસા થાય, એ ન હોવું જોઈએ. અને કોઈ મનુષ્યને માટે એક સહેજ પણ ખરાબ અભિપ્રાય ના હોવો જોઈએ. દુશ્મનને માટેય અભિપ્રાય બદલાયો તો એ મોટી હિંસા છે. ઘરના માણસ જોડે ચિઢાવું, એ બકરું મારો તેના કરતા આ વધારે હિંસા છે. કારણ કે ચિઢાવું એ આત્મઘાત છે.

એટલે ભગવાને તો શું કહ્યું હતું કે પહેલું, પોતાને કષાય ન થાય એવું કરજે. કારણ કે આ કષાય એ મોટામાં મોટી હિંસા છે. કોઈને માનસિક દુઃખ આપવું, કોઈના પર ક્રોધ કરવો, ગુસ્સે થવું, એ બધું હિંસકભાવ કહેવાય. એ આત્મહિંસા કહેવાય છે, ભાવહિંસા કહેવાય છે. (અજાણતા) દ્રવ્યહિંસા થઈ જાય તો ભલે થાય, પણ ભાવહિંસા ના થવા દઈશ. તો આ લોકો દ્રવ્યહિંસા અટકાવે છે પણ ભાવહિંસા ચાલુ રહે છે.

ભાવો ભાવમાં અહિંસા

ભાવઅહિંસા એટલે 'મારે કોઈ પણ જીવને મારવો છે' એવો ભાવ ક્યારેય પણ ના થવો જોઈએ ને 'કોઈ પણ જીવને મારે દુઃખ દેવું છે' એવો ભાવ ઉત્પન્ન ના થવો જોઈએ. 'મન-વચન-કાયાથી કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ન હો' એવી ભાવના જ ખાલી કરવાની છે, ક્રિયા નહીં. ભાવના જ કરવાની છે. ક્રિયાથી તો તું શી રીતે બચાવવાનો ? નર્યા શ્વાસોશ્વાસે લાખો જીવ મરી જાય છે અને અહીં જીવોના ઝોલા અથડાય છે, તે અથડામણથી જ મરી જાય છે. કારણ કે આપણે તો એમને માટે મોટા પથરાં જેવા દેખાઈએ. એને એમ કે આ પથરો અથડાયો મને.

નક્કી કરો પહોંચવું છેલ્લે પગથિયે

આખું જગત ચાર પ્રકારના ભાવોમાં રમે છે : ૧. હિંસક ભાવો, ૨. પીડાકારક ભાવો, ૩. તિરસ્કાર ભાવો, ૪. અભાવ ભાવો.

હિંસક ભાવ એટલે કિંચિત્‌માત્ર હિંસા અથવા કોઈનું નુકસાન કરવાનું, કોઈની પર ગુસ્સે થવાનું, દુઃખ દેવાનું, પીડા દેવાનું એવા ભાવો, તે પહેલાં જવા જોઈએ. હિંસકભાવ જાય, પછી પીડાકારક ભાવ જવા જોઈએ. ઊંચી નાતમાં હિંસક ભાવો જતા રહ્યા છે અને પીડાકારક ભાવો રહ્યા છે. આખો દહાડો કષાયો કરે છે ! એ જવા જોઈએ. તિરસ્કાર તો મનુષ્યોને સ્વાભાવિક રીતે રહે જ. જેને રાગ હોય એને દ્વેષ હોય જ. દ્વેષ એટલે તિરસ્કાર. તિરસ્કાર ભાવ જાય, પછી ચોથો અભાવ ભાવ જવો જોઈએ. અભાવ ભાવ એટલે પોતાના દોષ તો ગયેલા હોય પણ સામાની ભૂલને લઈને પોતાને અભાવ આવે. એ કેટલો મોટો ગુનો કહેવાય ? 'મહાત્માઓ' ચોથા 'સ્ટેજ'માં આવી જવા જોઈએ.

આ ચાર પગથિયાં ચઢ્યા પછી પાંચમું પગથિયું (વીતરાગતાનું) ભગવાન મહાવીર ચઢ્યા હતા, તે છેલ્લું 'વીતરાગ વિજ્ઞાન'નું 'પ્લેટફોર્મ' છે !

નક્કી કરવા જેવો 'પ્રોજેક્ટ'

આ મનુષ્યોને જીવન જીવતા જ ના આવડ્યું, જીવન જીવવાની ચાવી જ ખોવાઈ ગઈ છે. તેથી તો આ લોકો વગર કામના માર ખા ખા કરે છે. આ જગતમાં તમારો કોઈ બાપોય ઉપરી નથી, તમે સંપૂર્ણ સ્વતંત્ર છો. તમારો પ્રોજેક્ટ પણ સ્વતંત્ર છે, પણ તમારો પ્રોજેક્ટ એવો હોવો જોઈએ કે કોઈ પણ

જીવને તમારા થકી કિંચિત્‌માત્ર દુઃખ ના થાય. તમારો પ્રોજેક્ટ બહુ મોટો કરો, આખી દુનિયા જેવો કરો.

પ્રશ્નકર્તા : એ શક્ય છે ?

દાદાશ્રી : હા. મારો (પ્રોજેક્ટ) બહુ મોટો છે. કોઈ પણ જીવને દુઃખ ના થાય એવી રીતે હું રહું છું. હું કોઈને દુઃખી કરવા માટે નથી આવ્યો. અમે તો (બીજાને) સુખી કરવા માટે આવ્યા છીએ.

પ્રશ્નકર્તા : પણ બીજા માટે તો એ શક્ય નથી ને ?

દાદાશ્રી : શક્ય નથી, પણ એનો અર્થ એવો નથી કે બધા જીવોને દુઃખ આપીને આપણો પ્રોજેક્ટ કરવો.

મનુષ્યોને દુઃખી તો ન જ કરાય. આપણને એની અણસમજણ લાગે, પણ એને તો એ સમજણ જ માની બેઠો છે ને ! એને દુઃખ કેમ થાય આપણાથી ? એનો કંઈક નિયમ તો રાખવો જોઈએ ને કે ઓછામાં ઓછું કોઈને દુઃખ થાય એવો પ્રોજેક્ટ કરી શકાય ? હું તમને તદ્દન અશક્ય છે તે કરવાનું નથી કહેતો. લોકો તો કેવા છે કે કાર્યરૂપે આજે દુઃખ ઊભું થાય, છતાં એના એ જ દુઃખના કારણો ફરી ફરી સેવે છે. પાછલાં દુઃખના કારણોથી જે દુઃખ આવે છે, એમાં નવા કારણો ઊભા ના થવા દે તે કામનું.

દુખિયો જ દુઃખ આપે

મહીં સુખ હોય ત્યાં સુધી કોઈ માણસ કોઈનું કશું બગાડે નહીં. દુખિયો માણસ જ બીજાનું બગાડે. દુખિયો હોય તે બીજાને સળી કરે. સુખિયો માણસ તો બધાને સુખ આપવાનો પ્રયત્ન કરે.

પ્રશ્નકર્તા : પોતાને સુખ ના હોય, તો પછી એ બીજાને કેવી રીતના સુખ આપી શકે ?

દાદાશ્રી : એટલે જ ના આપી શકેને ! પણ કો'ક એવો માણસ હોય, કરોડોમાં એકાદ માણસ, તે પોતાનું સુખ બીજાને આપી દેતો હોય, તે દેવગતિમાં જાય. પહેલાં તો આવા બહુ માણસો હતા. સેકડે બબ્બે-ત્રણ ટકા, પાંચ-પાંચ ટકા હતા. અત્યારે તો કરોડોમાં બે-ચાર નીકળે વખતે. અત્યારે તો દુઃખ ના આપે તોય ડાહ્યો કહેવાય. બીજાને કંઈ પણ દુઃખ ના આપે તો ફરી મનુષ્યમાં આવે.

બીજા કોઈને દુઃખદાયી ન થઈ પડે એવા ક્રોધ-માન-માયા-લોભ હોવા જોઈએ. બીજા કોઈનેય દુઃખદાયી નહીં, પોતાને જ દુઃખ કર્યા કરે એટલી લિમિટ હોય ત્યાં સુધી મોક્ષમાર્ગ છે.

દુઃખ દઈ કોઈ મોક્ષે જઈ ના શકે

આપણાથી કોઈને કિંચિત્‌માત્ર દુઃખ થાય, એટલે (કુદરતની) કોર્ટમાં પાછો કેસ ચાલુ રહ્યો ! જ્યાં સુધી કોર્ટમાં ઝઘડા છે ત્યાં સુધી છૂટે નહીં. આ કોર્ટના ઝઘડાંમાં આવેલા લોકો છે. હવે કોર્ટના ઝઘડાં મટાડવા હોય તો આપણને કોઈએ ગાળો દીધી હોય તેને છોડી દેવાની અને આપણાથી કોઈને ગાળ દેવાય નહીં. કારણ કે જો આપણે દાવો માંડીએ તોય પાછો કેસ ચાલુ રહે. આપણે ફોજદારી કરીએ એટલે પાછો વકીલ ખોળવા જવું પડે. હવે આપણે અહીંથી છૂટા થઈ જવું છે, અહીં ગમતું નથી, માટે આપણે રસ્તો કરવાનો, બધું છોડી દેવાનું !

કોઈને કિંચિત્‌માત્ર દુઃખ થાય તો કોઈ જીવ મોક્ષે જઈ શકે નહીં, પછી એ સાધુ મહારાજ હોય કે ગમે તે હોય. એકલા શિષ્યને જ દુઃખ થતું હોય તોય મહારાજને અહીં અટકી રહેવું પડે, ચાલે જ નહીં !

જો કે અજ્ઞાની તો બધાને દુઃખ જ દેતો હોય છે. દુઃખ ના દેતો હોય તોય મહીં ભાવ દુઃખના જ વર્ત્યા કરે. 'અજ્ઞાનતા છે એ જ હિંસા છે અને જ્ઞાન એ અહિંસક ભાવ છે.'

એક અવતાર બધાના દુઃખ લઈ લો

કોઈને દુઃખ થાય એવું વાતાવરણ ઊભું કરીએ એટલે આપણને ક્લેશ ઊભો થઈ જાય. કોઈને સહેજ

પણ દુઃખ દે, તો તે જાગૃત કેવી રીતે કહેવાય ? ક્લેશરહિત ભૂમિકા કરવી એને ઘણો મોટો પુરુષાર્થ કર્યો કહેવાય. કોઈને બહાર દુઃખ આપો તો મહીં (પોતાને) દુઃખ ચાલુ થઈ જાય ! એવું આ વીતરાગોનું સાયન્સ છે. એક અવતાર બધાના દુઃખ લઈ લેશો તો અનંત અવતારનું સાટું વળી જશે !

જેમ તેમ કરી ઉકેલ લાવો

જેને મોક્ષે જવું હોય, તેણે 'આમ કરવું જોઈએ કે તેમ ના કરવું જોઈએ' એવું ના હોય. જેમ તેમ કરીને પતાવટ કરીને ચાલવા માંડવાનું. એમાં પકડી ના રાખે, જેમ તેમ કરીને ઉકેલ લાવે.

રિયલ ધર્મ એટલે ધ્યેયને પહોંચવું

કોઈકને દુઃખ કરીને આપણે સુખી થઈએ નહીં. જગતના જીવમાત્રમાં ભગવાન રહેલા છે. એટલે કોઈ પણ જીવને કંઈ પણ ત્રાસ આપશો, દુઃખ આપશો તો અધર્મ ઊભો થશે અને કોઈ પણ જીવને સુખ આપશો તો ધર્મ ઊભો થશે. અધર્મનું ફળ તમારી ઈચ્છા વિરુદ્ધ છે ને ધર્મનું ફળ તમારી ઈચ્છા પ્રમાણે છે.

ધર્મ એટલે કંઈ ભગવાનની મૂર્તિઓ પાસે બેસી રહેવું, એનું નામ ધર્મ નથી. ધર્મ તો આપણે ધ્યેયને પહોંચવું, એનું નામ ધર્મ છે. ઓબ્લાઈઝિંગ નેચર (પરોપકારી સ્વભાવ) રાખો, નક્કી કરો કે મારે ઓબ્લાઈઝ જ કરવા છે હવે, તો તમારામાં ફેરફાર થઈ જશે. નક્કી કરો કે મારે વાઈલ્ડનેસ (જંગલીયાત) કરવી નથી.

સામો વાઈલ્ડ (જંગલી) થાય તોય મારે નથી થવું, તો એવું થઈ શકે છે. ના થઈ શકે ? નક્કી કરો ત્યારથી થોડું થોડું ફેરફાર થાય કે ના થાય ?

પ્રશ્નકર્તા : મુશ્કેલ છે પણ.

દાદાશ્રી : ના, મુશ્કેલ હોય તો પણ નક્કી કરીએને, કારણ કે તમે માણસ છો અને ભારત દેશના માણસ છો. જેવા તેવા છો ? ઋષિ-મુનિઓના પુત્રો છો તમે ! (મહીં અનંત) શક્તિઓ તમારી પાસે પડી રહી છે. તે આવરાયેલી પડી રહી છે, તે તમને શું કામ લાગે ? તે તમે આ મારા શબ્દ પ્રમાણે જો નક્કી કરો કે મારે આ કરવું જ છે, તો એ અવશ્ય ફળશે. તમારે જે જે શક્તિઓ માગવી હોય, તે આ દાદા પાસે રોજ સો-સો વખત માગજો, બધી મળશે.

નિશ્ચય મુજબ પરિણામ જરૂર આવશે

સંસારમાં એવી રીતે જીવવું કે આપણે કોઈને દુઃખદાયી ના થઈ પડીએ. આપણા થકી કોઈનેય કિંચિત્‌માત્ર દુઃખ ના થાય, એ મોટામાં મોટો ધ્યેય હોવો જોઈએ.

તમારાથી કોઈને દુઃખ થશે તો તેનો તો મોક્ષ અટક્યો પણ તે તમારો પણ મોક્ષ અટકાવશે. માટે કોઈનેય દુઃખ ના દેવાય. કોઈનેય દુઃખ આપીને કિંચિત્‌માત્ર પણ સુખી થઈએ, એવી ક્યારેય આશા રાખવી નહીં. એટલે કેમ બધાને સુખ વર્તે એ જોવું આપણે. બીજું કશું જોવું નહીં.

કોઈને દુઃખ ન દેવાની દૃષ્ટિ આજથી જ નક્કી કરી નાખો કે મારે આ જગતમાં કોઈને સહેજ પણ દુઃખ દેવું નથી. મન-વચન-કાયાથી કિંચિત્‌માત્ર ત્રાસ આપવો નથી, એવું નક્કી કરોને તો અંદર એવું ચાલે. તમે નક્કી કરો એવું અંદર ચાલે છે. તમારો નિશ્ચય હોય એવું ચાલે.

શક્તિ માગી, કરીએ ભાવશુદ્ધિ

હવે આપણને જે ઊંધા વિચારો આવે તે ભૂંસી નાખવા અને જગતનું કલ્યાણ થાય એ જ ભાવના રાખવી. આપણા ભાવ એવા હોવા જોઈએ કે આ જગતમાં આપણા મન-વચન-કાયાથી કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ન હો. આ જગતમાં કોઈ પણ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ન દેવાની ભાવના હોય તો જ કમાણી કહેવાય.

અંતે તમારી શુદ્ધતા જોઈશે

આપણને હવે નિર્દોષ દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે, માટે

કોઈનોય દોષ ના કાઢવો જોઈએ. શું કરવાનું દોષ કાઢીને ? દોષ કાઢીને કોઈ સુખી થયો ? કોઈ સુખી થાય ખરુ ?

તમારા દોષો એક પછી એક તમને દેખાય તો જ કમાણી કરી કહેવાય. આ બધો જ સત્સંગ પોતે પોતાના બધા જ દોષો જુએ એ માટે છે અને પોતાના દોષો દેખાય ત્યારે જ એ દોષો જશે. દોષો ક્યારે દેખાશે ? જ્યારે પોતે સ્વયં થશે, 'સ્વસ્વરૂપ' થશે ત્યારે. જેને પોતાના દોષો વધુ દેખાય એ ઊંચો. જ્યારે આ દેહને માટે, વાણીને માટે, વર્તનને માટે સંપૂર્ણ નિષ્પક્ષપાતીપણું ઉત્પન્ન થાય, ત્યારે જ પોતે પોતાના બધા જ દોષો જોઈ શકે.)

તમે જે વસ્તુની લાયકાત ધરાવતા હશો, તે વસ્તુ તમને ઘેર બેઠાં મળશે. માટે તમારી શુદ્ધતા જોઈશે. તમારી શુદ્ધતામાં શું જોઈએ ? આ જગતના કોઈ જીવને મારાથી દુઃખ ના હો. કોઈ દુઃખ મને આપી જાય છે તે કાયદેસર છે. 'આપણા થકી કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય' એટલું જ વાક્ય સમજી જાયને તો બહુ થઈ ગયું.

ભાવના ભાવી, કરી લો સ્વકલ્યાણ

એટલા માટે અમે બધાને કહીએ છીએ કે ભઈ, સવારના પહોરમાં બહાર નીકળતી વખતે બીજું કશું ના આવડે તો એટલું બોલજોને કે 'આ જગતમાં કોઈ પણ જીવને મન-વચન-કાયાથી કિંચિત્‌માત્ર દુઃખ ન હો.' એવું નિયમથી પાંચ વખત બોલીને નીકળજે. પછી બીજી બધી જવાબદારી હું લઈ લઉં છું. બીજી જવાબદારી મારી ! જા, બીજું નહીં આવડે તો હું જોઈ લઈશ ! આટલું બોલજે ને ! પછી કોઈને દુઃખ થઈ ગયું, એનું હું જોઈ લઈશ. પણ આટલું તું બોલજે. આમાં વાંધો છે ?

પ્રશ્નકર્તા : આમાં કોઈ વાંધો નથી.

દાદાશ્રી : તું બોલજે જ. ત્યારે એ કહે કે 'મારાથી દુઃખ દેવાઈ જાય તો ?' એ તારે જોવાનું નહીં. એ હું (કુદરતની) હાઈકોર્ટમાં પછી બધું કરી લઈશ. એ વકીલને જોવાનું છે ને ? તે હું કરી આપીશ બધું. તું આ મારું વાક્ય બોલજે ને સવારના પહોરમાં પાંચ વખત ! વાંધો ખરો આમાં ? કંઈ ભારે ખરું ? સાચા દિલથી 'દાદા ભગવાન'ને યાદ કરીને બોલોને, પછી વાંધો શો છે ?

ખરા હૃદયથી શક્તિ માગો દાદા પાસે

એ પાંચ વખત બોલે પણ એ રીતે બોલવું જોઈએ કે પૈસા ગણે અને જેવી સ્થિતિ હોય એવી રીતે (એક ચિત્તે) બોલવું જોઈએ. કેવું બોલવું જોઈએ ? રૂપિયા ગણતી વખતે જેવું ચિત્ત હોય છે, એવું રાખવું જોઈએ. રૂપિયા ગણતી વખતે અંતઃકરણ જેવું હોય એવું રાખવું પડે, બોલતી વખતે.

પ્રશ્નકર્તા : અમે એવું જ કરીએ છીએ.

દાદાશ્રી : બસ, એ જ કરજો. બીજું કરવા જેવું નથી આ દુનિયામાં. મન-વચન-કાયાથી કોઈ પણ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ન હો એટલે આખો ચોપડો ચોખ્ખો. એવી અમે તમને સમજણ પાડીએ. જે સમજથી અમે છૂટા થયા છીએ, જે સમજણથી અમે બંધનમુક્ત થયા છીએ, જે સમજણથી અમને સત્યાવીસ વરસથી ટેન્શન ઊભું નથી થતું, અમે જે સમજણથી ઈન્ડિપેન્ડન્ટ (સ્વતંત્ર) થયા છીએ, એ સમજણ તમને શીખવાડીએ છીએ.

- જય સચ્ચિદાનંદ

દાદાવાણી મેગેઝીનના વાર્ષિક સભ્યો માટે સૂચના

અગર આપે દાદાવાણી મેગેઝીનનું વાર્ષિક લવાજમ ભર્યુ છે, તો તે બાર મહિના પછી પૂરું થઈ જાય છે. આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે, એની આપને શી રીતે ખબર પડશે ? જો આપની આ મહિનાની આવેલ દાદાવાણીના કવરના લેબલ પર ગ્રાહક નંબરની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી દાદાવાણી છે. દા.ત. DGIA12345 #. જો આપ દાદાવાણી મેગેઝીન રિન્યુ કરાવવા ઈચ્છતા હો તો લવાજમની વિગત અને કયા સરનામે મનીઓર્ડર કે ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવો (સંપર્કસૂત્ર) એની વિગત પેજ નં.૩ પર આપેલ છે.

દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

૨૦-૨૨ ફેબ્રુઆરી : વડોદરાના સમતા ગ્રાઉન્ડમાં યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ દરમ્યાન ૯૨૫ જેટલા મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. સેવાર્થીઓ માટે યોજાયેલ પૂજ્યશ્રીના વિશેષ સત્સંગ-દર્શન કાર્યક્રમમાં કુલ ૫૦૦ સેવાર્થી મહાત્માઓએ લાભ લીધો હતો. આપ્તપુત્ર દ્વારા નવા જ્ઞાન લીધેલા મહાત્માઓ માટે ફોલોઅપ સત્સંગ રાખવામાં આવ્યો હતો, જેનો લાભ ઘણા બધાં આગલા દિવસે જ્ઞાન લીધેલા મહાત્માઓએ લીધો હતો.

૨૪-૨૫ ફેબ્રુઆરી : વલસાડમાં યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ દરમ્યાન ૧૦૦૦ જેટલા મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. સેવાર્થીઓ માટે યોજાયેલ ખાસ સત્સંગ-દર્શન કાર્યક્રમમાં કુલ ૩૫૦ સેવાર્થી મહાત્માઓએ લાભ લીધો હતો. સત્સંગ દરમ્યાન આશરે ૩૭૦૦ મુમુક્ષુ-મહાત્માઓએ સત્સંગ અમૃતનું રસપાન કર્યુ હતું. પૂજ્યશ્રી સાથે સ્થાનિક મહાત્માઓનું એક દિવસીય પિકનિક તથા હળવા સત્સંગનું આયોજન આંબાના બગીચામાં થયું હતું. તેમાં સ્થાનિક લિટલ એમએચટીના બાળકોએ પૂજ્યશ્રી સમક્ષ નૃત્યની પ્રસ્તુતિ કરી હતી. જ્ઞાનવિધિ પછી પોતાનો અનુભવ તથા પ્રશ્નોના સમાધાન માટે આપ્તપુત્ર દ્વારા ફોલોઅપ સત્સંગ રાખવામાં આવ્યો હતો.

૨૭ ફેબ્રુઆરીથી ૧ માર્ચ : સુરતમાં યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ દરમ્યાન ૨૫૦૦ જેટલા મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. સેવાર્થીઓ માટે યોજાયેલ ખાસ સત્સંગ-દર્શન કાર્યક્રમમાં કુલ ૨૫૦ સેવાર્થી મહાત્માઓએ લાભ લીધો હતો. પહેલાં બે દિવસના પ્રશ્નોત્તરી સત્સંગ કાર્યક્રમમાં ૩૫૦૦ જેટલા મુમુક્ષુઓએ સત્સંગનો લ્હાવો લીધો હતો. જ્ઞાનવિધિ પછીના દિવસે આપ્તપુત્ર દ્વારા જ્ઞાનવિધિ પછીના ફોલોઅપ સત્સંગમાં ઘણાં નવા મુમુક્ષુઓ આવ્યા હતા.

૧-૫ માર્ચ : અડાલજ ત્રિમંદિર સંકુલમાં સોનેરી પ્રભાત સત્સંગમાં 'અહિંસા' પુસ્તક પર સત્સંગ-પારાયણ ચાલતું હતું, તે પારાયણ અત્રે સંપન્ન થયું હતું. પૂજ્યશ્રીએ હિંસા-અહિંસાના અતિ સૂક્ષ્મતાએ ફોડ આ પારાયણ દરમ્યાન મહાત્માઓને આપ્યા. આપ્તપુત્રો-પુત્રીઓ તથા મહાત્માઓએ પણ હિંસા-અહિંસા સંબંધી ઘણાં પ્રશ્નો સત્સંગ દરમ્યાન પૂછ્યા હતા.

૬ માર્ચ : પૂજ્ય દીપકભાઈનો ૪૫મો જ્ઞાનદિવસ પાંચ હજાર જેટલા મહાત્માઓએ ઉમંગભેર ઉજવ્યો. ત્રિમંદિર સત્સંગ હોલમાં યોજાયેલ સત્સંગ કાર્યક્રમ દરમ્યાન પૂજ્યશ્રીએ સર્વે મહાત્માઓને પગે લાગી આશીર્વાદ માંગ્યા હતા. આ પ્રસંગે બેબી એમએચટીના બાળકોએ સુંદર નૃત્યગાન રજૂ કર્યું હતું. ત્યાર બાદ પ્રશ્નોત્તરી સત્સંગ થયો હતો. પૂજ્યશ્રીએ મહાત્માઓ સાથે ઉણોદરી ભવનમાં ભોજન-પ્રસાદ લીધો હતો. રાત્રે પૂજ્યશ્રીની અખંડ તંદુરસ્તી, દીર્ઘાયુ તથા જગતકલ્યાણ અર્થે એક કલાક કીર્તન ભક્તિ કરવામાં આવી હતી.

૫-૯ માર્ચ : સેફ્રોની, મહેસાણા ખાતે પાંચ દિવસની અપરીણિત ભાઈઓ માટે બ્રહ્મચર્ય શિબિર યોજાઈ. બ્રહ્મચર્ય પુસ્તક પર પારાયણ સાથે આ વખતે 'રોજિંદા જીવનમાં બ્રહ્મચર્યનો પુરુષાર્થ કેટલો જરૂરી ?' તે સંબંધી ખૂબ જ સુંદર સત્સંગો થયા હતા. આપ્તપુત્ર ભાઈઓએ પોતાના અનુભવો કહ્યા હતા કે પોતે રોજિંદા જીવનમાં કઈ રીતે પુરુષાર્થ કરે છે. આપ્તપુત્રો દ્વારા ગ્રુપ સત્સંગ, વ્યક્તિગત માર્ગદર્શન તથા નાટક, ગરબા, થ્રી વિઝન વીસીડી વિગેરે કાર્યક્રમો થયા હતા. લગભગ ૩૮૦ જેટલા ભાઈઓનું શિબિર દરમ્યાન રજિસ્ટ્રેશન થયું હતું. અંતિમ દિવસે પૂજ્યશ્રીના વ્યક્તિગત દર્શનથી ભાઈઓએ ધન્યતા અનુભવી હતી. સાધક ભાઈઓએ પૂજ્યશ્રી સાથે મોર્નિંગ વોક પણ કર્યુ હતું. તથા પૂજ્યશ્રીના ૪૫મા જ્ઞાનદિવસ નિમિત્તે પૂજ્યશ્રીનું સ્વાગત બધા ભાઈઓઓ હાથમાં દીવડા લઈને HAPPY 45 GNAN DAY આકારમાં ઊભા રહીને કર્યું હતું તથા દીવડા સાથે એરિયલ વ્યુ ફોટો સેશનમાં ભાગ લીધો હતો.

૧૦-૧૪ માર્ચ : સેફ્રોની, મહેસાણા ખાતે પાંચ દિવસની અપરીણિત બહેનો માટે બ્રહ્મચર્ય શિબિર યોજાઈ. બ્રહ્મચર્ય પુસ્તક પર પારાયણ સાથે તથા 'આનંદમાં રહો' તે સંબંધી ખૂબ જ સુંદર પ્રશ્નોત્તરી સત્સંગો થયા. આપ્તપુત્રી બહેનો દ્વારા ગ્રુપ સત્સંગ, વ્યક્તિગત માર્ગદર્શન તથા નાટક, ગરબા વિગેરે કાર્યક્રમો થયા હતા. લગભગ ૩૦૬ જેટલા બ્રહ્મચારી બહેનોનું શિબિર દરમ્યાન રજિસ્ટ્રેશન થયું હતું. અંતિમ દિવસે પૂજ્યશ્રીના વ્યક્તિગત દર્શનથી શિબિરાર્થી બહેનોએ ધન્યતા અનુભવી હતી.

પૂજ્ય નીરુમાનો સત્સંગ સાંભળો રેડિયો સીટી સ્મરણ પર

દર રવિવારે સવારે ૮ વાગે અને સાંજે ૪ વાગે - गुरु-शिष्य का रिश्ता जीवन में होता है खास। (हिन्दी में)

લોગ ઈન કરો **પ્લેનેટ રેડિયો સીટી પર સ્મરણ** http://www.planetradiocity.com/smaran

સમર કેમ્પ - બાળકો-યુવાનો માટે સંસ્કારસિંચન શિબિર - વર્ષ ૨૦૧૫						
સ્થળ	૧૩ થી ૧૬ વર્ષ યુવાન ભાઈઓ તથા બહેનો				ગ્રુપ C - છોકરાં-છોકરીઓ માટે	
	ગ્રુપ A ભાઈઓ	સંપર્ક	ગ્રુપ B બહેનો	સંપર્ક	૮ થી ૧૨ વર્ષ	સંપર્ક
મુંબઈ	૨૧-૨૨-૨૩	૯૩૨૧૦૧૦૨૦૮	૨૪-૨૫-૨૬ એપ્રિલ	**૯૩૨૦૦૧૦૨૦૮**		
મુંબઈ (સેન્ટ્રલ)					૧૮-૧૯ એપ્રિલ	૯૩૨૦૨૫૫૨૬૬
મુંબઈ (વેસ્ટર્ન)					૧૮-૧૯ એપ્રિલ	૮૬૫૨૮૯૦૦૬૬
જામનગર	૨૫-૨૬ એપ્રિલ	૯૮૭૯૫૫૧૫૧૭			૨૩-૨૪ એપ્રિલ	**૯૦૯૯૯૫૧૫૧૭**
ગાંધીધામ	૨૫-૨૬ એપ્રિલ	૯૭૨૬૨૦૨૫૭૦			૩૦ એપ્રિલ	૯૦૩૩૫૫૯૧૫૬
બરોડા	૨૫-૨૬ એપ્રિલ	૯૫૭૪૩૪૦૬૦૦	૨૩-૨૪ એપ્રિલ	૯૬૨૪૮૫૨૬૦૨	૨૫-૨૬ એપ્રિલ	૮૯૮૦૯૯૫૨૫૫
સીમંધર સીટી	૨૫-૨૬ એપ્રિલ	૦૭૯-૩૯૮૩૦૯૩૯	૨૩-૨૪ એપ્રિલ	૦૭૯-૩૯૮૩૦૯૩૯	**૧૯-૨૦ એપ્રિલ (૮ થી ૧૦ વર્ષ)**	૦૭૯-૩૯૮૩૦૯૩૯
સીમંધર સીટી					**૨૧-૨૨ એપ્રિલ (૧૧ થી ૧૨ વર્ષ)**	૦૭૯-૩૯૮૩૦૯૩૯
રાજકોટ	૧૬-૧૭ મે	૯૮૨૪૨૧૮૦૫૬	૨૫-૨૬ એપ્રિલ	**૭૬૨૩૮૪૪૩૧૬**	૨૭-૨૮ એપ્રિલ	૮૮૬૬૮૮૮૮૩૭
સુરત	૧૬-૧૭ મે	૯૮૯૮૬૮૯૬૯૭	૧૪-૧૫ મે	૯૬૦૧૨૯૧૦૨૪	૨૫-૨૬ એપ્રિલ	૯૫૭૪૦૦૮૪૯૮
ભાવનગર	૧૬-૧૭ મે	**૯૫૭૪૦૦૮૦૯૦**			૩૦ એપ્રિલ, ૧ મે	**૯૫૭૪૦૦૮૦૯૦**
ભુજ			૨૯-૩૦ એપ્રિલ	૯૫૮૬૨૮૬૪૯૧	**૨૫-૨૬ એપ્રિલ (૮ થી ૧૦ વર્ષ)**	૭૫૬૭૫૬૧૫૫૬
ભુજ					**૨૭-૨૮ એપ્રિલ (૧૧ થી ૧૨ વર્ષ)**	૭૫૬૭૫૬૧૫૫૬
ભરૂચ			૨૯-૩૦ એપ્રિલ	૯૪૨૭૧૦૫૪૪૩	૨૮ એપ્રિલ	૯૪૨૮૫૮૬૭૦૧
ગોધરા			૨૯-૩૦ એપ્રિલ	૯૪૨૬૩૮૪૪૯૭	૨૮ એપ્રિલ	**૯૯૨૪૨૬૪૩૯૭**
મોરબી					૨૬ એપ્રિલ	૯૭૨૬૩૮૮૭૯૨
૧૭ થી ૨૧ વર્ષ યુવાન ભાઈઓ તથા બહેનો						
સીમંધર સીટી	૬-૭-૮ મે	ગ્રુપ D બહેનો		૧૦-૧૧-૧૨ મે	ગ્રુપ E ભાઈઓ	૦૭૯-૩૯૮૩૦૯૩૯

નોંધ - ઉપર દર્શાવેલ ડાર્ક અને બોલ્ડ અક્ષરો, ફોન નં તથા એજ ગ્રુપમાં ફેરફાર સૂચવે છે. જેની દરેક મહાત્માઓએ નોંધ લેવી.

- સમર કેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજિસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે.

- રજીસ્ટ્રેશન માટે બાળક/યુવાનની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડીને તારીખો નક્કી થઇ છે તે મુજબ થશે. જે તે સમર કેમ્પની તારીખના ૧૦ દિવસ અગાઉ રજીસ્ટ્રેશન બંધ કરવામાં આવશે. ત્યાર બાદ રજિસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે.

પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...

ભારત + **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર) પર દરરોજ સવારે ૯ થી ૯-૩૦ (સમયમાં પરિવર્તન)**
+ **'અરિહંત' ચેનલ પર દરરોજ સવારે ૧૦ થી ૧૦-૩૦ અને બપોરે ૩-૩૦ થી ૪**
+ **'દૂરદર્શન'-બિહાર પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ અને રવિવારે સાંજે ૫-૩૦ થી ૬ (હિન્દીમાં)**
+ **'આસ્થા' પર સોમથી શનિ રાત્રે ૧૦-૨૦ થી ૧૦-૪૦ (હિન્દીમાં)**
+ **'દૂરદર્શન - 'સહ્યાદ્રિ' પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ (મરાઠીમાં)**

USA + **'TV Asia' - દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST**

પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર...

ભારત + **'દૂરદર્શન' નેશનલ પર મંગળથી શુક્ર, સવારે ૯-૩૦ થી ૧૦ (હિન્દીમાં)**
+ **'દૂરદર્શન'-ભોપાલ પર સોમથી શુક્ર બપોરે ૩-૩૦ થી ૪ (હિન્દીમાં)**
+ **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર) પર દરરોજ બપોરે ૩-૩૦ થી ૪ (રવિવાર સિવાય) તથા રાત્રે ૯ થી ૯-૩૦**
+ **'અરિહંત' ચેનલ પર દરરોજ રાત્રે ૮-૩૦ થી ૯**
+ **'સાધના' ટીવી પર દરરોજ સાંજે ૭-૧૦ થી ૭-૪૦ (હિન્દીમાં)**

USA + **'TV Asia' - દરરોજ સવારે ૧૧ થી ૧૧-૩૦ EST**
Singapore + **'કલર્સ' ટીવી પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ (હિન્દીમાં)**
Australia + **'કલર્સ' ટીવી પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ (હિન્દીમાં)**
New Zealand + **'કલર્સ' ટીવી પર દરરોજ સવારે ૯-૩૦ થી ૧૦ (હિન્દીમાં)**
USA-UK-Africa-Aus. + **'આસ્થા' પર દરરોજ રાત્રે ૯-૩૦ થી ૧૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)**

Atmagnani Pujya Deepakbhai's UK Satsang Schedule (2015)				
Contact no. for all centers in UK + 44-330-111-DADA (3232), email:info@uk.dadabhagwan.org				
Date	**From**	**to**	**Event**	**Venue**
10-Apr-15	7-30PM	10PM	Satsang For Mahatmas Only	Wanza Community Centre, Pasture Lane, Leicester, LE1 4EY
11-Apr-15	7-30PM	10PM	Satsang	
12-Apr-15	10-30AM	12-30PM	Aptaputra Satsang	
12-Apr-15	3PM	7-30PM	Gnanvidhi	
13-Apr-15	7-30PM	10PM	Aptaputra Satsang	
17-Apr-15	7-30PM	10PM	Satsang in English	Harrow Leisure Centre, Christchurch Avenue, Harrow, HA3 5BD
18-Apr-15	10-30AM	12-30PM	Aptaputra Satsang in English	
18-Apr-15	7-30PM	10PM	Satsang	
19-Apr-15	9-30AM	12-30PM	Simandhar Swami Pratishtha	
19-Apr-15	3PM	7-30PM	Gnanvidhi	
20-Apr-15	7-30PM	10PM	Satsang	

આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

અડાલજ ત્રિમંદિરમાં PMHT (પેરેન્ટ્સ મહાત્મા) શિબિર

૨ મે (શનિ) - ૯-૩૦ થી ૧૨ - **સ્પે. વીસીડી** તથા સાંજે ૪-૩૦ થી ૭ **'મા-બાપ છોકરાંનો વ્યવહાર' - પારાયણ- પ્રશ્નોત્તરી**

૩ મે (રવિ) - ૯-૩૦ થી ૧૨ - **મા-બાપ છોકરાંના વ્યવહારમાં ઊભી થતી અપેક્ષાઓ** તથા સાંજે ૪-૩૦ થી ૭ - **ગ્રુપ સત્સંગ**

૪ મે (સોમ) - ૯-૩૦ થી ૧૨ - **'પતિ-પત્નીનો દિવ્ય વ્યવહાર' - પારાયણ - પ્રશ્નોત્તરી** તથા સાંજે ૪-૩૦ થી ૭ - **ગ્રુપ સત્સંગ**

૫ મે (મંગળ) - ૯-૩૦ થી ૧૨ - **'પતિ-પત્ની કમ્પેનિયન તરીકે' - સત્સંગ** તથા સાંજે ૪-૩૦ થી ૭ - **ગ્રુપ સત્સંગ**

નોંધ - ૧) આ શિબિર જ્ઞાન લીધેલ પરિણિત મહાત્માઓ માટે રાખવામાં આવી છે.

૨) શિબિરમાં પ્રથમ બે દિવસ 'મા-બાપ છોકરાંનો વ્યવહાર' તથા પછીના બે દિવસ 'પતિ-પત્નીનો દિવ્ય વ્યવહાર' પુસ્તક પર પૂજ્યશ્રી દ્વારા સત્સંગ થશે તથા આપ્તપુત્ર ભાઈઓ દ્વારા ગ્રુપ ડિસ્કશન (સત્સંગ) થશે. ૩) આ શિબિરમાં ભાગ લેવા માટે અડાલજ ત્રિમંદિર ૦૭૯-૩૯૮૩૦૪૦૦ નં. (સવારે ૯ થી સાંજે ૭) પર ૧૨ એપ્રિલ ૨૦૧૫ પહેલા રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. ૪) સંજોગોનુસાર કાર્યક્રમમાં ફેરફાર થઈ શકે છે. ૫) રાત્રે વિશેષ કાર્યક્રમો રહેશે.

અમદાવાદ

૧૫-૧૬ મે (શુક્ર-શનિ) રાત્રે ૮ થી ૧૦-૩૦ **સત્સંગ** તથા **૧૭ મે** (રવિ) સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

૧૮ મે (સોમ) રાત્રે ૮ થી ૧૦-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**

સ્થળ : સરદાર પટેલ સ્ટેડિયમ, આશ્રમ રોડ પાસે, નવરંગપુરા, અમદાવાદ. **સંપર્ક :** ૯૯૦૯૫૪૫૯૯૯

ગોધરા

૧ જૂન (સોમ) સાંજે ૬ થી ૮-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**, **૨ જૂન** (મંગળ), સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

૩ જૂન (બુધ) સાંજે ૬ થી ૮-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**

સ્થળ : ત્રિમંદિર, એફ.સી.આઈ. ગોડાઉન સામે, ભામૈયા ગામ, ગોધરા. **સંપર્ક :** ૯૮૨૫૪૩૧૫૦૩

પાલનપુર

૬ જૂન (શનિ) રાત્રે ૮ થી ૧૧ - **સત્સંગ** તથા **૭ જૂન** (રવિ) સાંજે ૭-૩૦ થી ૧૧ - **જ્ઞાનવિધિ**

સ્થળ : ગાયત્રી મંદિરની પાસે, સુરમંદિર થીયેટરની સામે, આબુ રોડ હાઈવે, પાલનપુર. **સંપર્ક :** ૯૮૨૫૨૮૦૯૨૩

૮ જૂન (સોમ) રાત્રે ૮ થી ૧૧ - **આપ્તપુત્ર સત્સંગ** તથા **અંબાજી જાત્રા.**

ત્રિમંદિરોના સંપર્કસૂત્ર : અડાલજ: (૦૭૯) ૩૯૮૩૦૧૦૦; **રાજકોટ :** ૯૨૭૪૧૧૧૩૯૩; **ભુજ** (૦૨૮૩૨) ૨૯૦૧૨૩;
ગોધરા: (૦૨૬૭૨) ૨૬૨૩૦૦; **મોરબી:** (૦૨૮૨૨) ૨૯૭૦૯૭; **સુરેન્દ્રનગર:** ૯૭૩૭૦૪૮૩૨૨, **અમરેલી:** ૯૯૨૪૩૪૪૪૬૦
અન્ય સેન્ટરોના સંપર્કસૂત્ર : અમદાવાદ: (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫;
U.S.A.-Canada: +1 877-505-DADA (3232); **U.K.:** +44 330-111-DADA (3232); **Australia :** +61 421127947

એપ્રિલ ૨૦૧૫
વર્ષ-૨૦, અંક-૮
સળંગ અંક-૨૩૬

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/23/2015
Valid up to 31-12-2017
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

વસ્તુ કામ નથી કરતી પણ ભાવ કામ કરે છે

અહિંસક ભાવવાળો તીર મારે તો જરાય લોહી ના નીકળે અને હિંસક ભાવવાળો ફૂલ નાખે તોય પેલાને લોહી નીકળે. તીર અને ફૂલ એટલાં ઈફેક્ટિવ નથી, જેટલી ઈફેક્ટિવ ભાવના છે ! એટલે અમારા એક-એક શબ્દમાં 'કોઈને, જીવમાત્રને દુઃખ ન થાવ' એવો નિરંતર અમને ભાવ રહ્યા કરે છે. એ ભાવનામાં જ 'અમારી' વાણી નીકળેલી હોય. વસ્તુ કામ નથી કરતી, પણ ભાવ કામ કરે છે. માટે આપણે બધાએ ભાવ કેવા રાખવા જોઈએ કે સવારના પહોરમાં નક્કી કરવું કે 'આ જગતના જીવમાત્રને આ મન-વચન-કાયાથી કિંચિત્ માત્ર દુઃખ ન હો' - એવું પાંચ વખત જે સાચા ભાવથી બોલીને નીકળ્યા અને પછી જે તમારાથી ગુનો થઈ ગયો તો યુ આર નોટ એટ ઓલ રીસ્પોન્સિબલ, એવું ભગવાને કહ્યું છે. કેમ એવું કહ્યું ? ત્યારે કહે, 'સાહેબ, મારી તો આવી ભાવના નહોતી.' તો ભગવાન કહે કે 'યસ, યુ આર રાઈટ !'

-દાદાશ્રી

માલિક-મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - શ્રી ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બેઝમેન્ટ, પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.